સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 27

[JULY - 2023]
[02/07/23 to 08/07/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.



CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 02 JULY-2023


➤ પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ ........ 02
➤ શ્રી નીરજ ચોપરાએ ફરી ઈતિહાસ રચ્યો : Lausanne Diamond Leagueનું ટાઈટલ જીત્યું ........ 04
➤ શ્રી માઈકલ રોસેનને PEN Pinter Prize 2023 એનાયત કરવામાં આવ્યું ........ 05
➤ QUESTION ANSWERS ........ 06


## 03 JULY-2023


➤ દિવસ મહિમા : 03 જુલાઈ, અષાઢ સુદ પૂનમ, ગુરૂપૂર્ણિમા ........ 07
➤ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ 2023માંથી વેસ્ટ ઈન્ડિઝ બહાર ........ 07
➤ લોથલમાં 400 એકરમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સનું નિર્માણ થશે ........ 08
➤ QUESTION ANSWERS ........ 12


## 04 JULY-2023


➤ ભારત આર્ટેમિસ કરારમાં જોડાયું (India Joins Artemis Accords) ........ 13
➤ ફૂકુશિમા જળ મુદ્દો (Fukushima Water Issue) ........ 16
➤ QUESTION ANSWERS ........ 21


## 05 JULY-2023


➤ Energy Transition Index 2023 : WEF ........ 22
➤ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2023 ........ 23
➤ શ્રી અજીત અગરકરની ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર તરીકે નિમણૂક ........ 26
➤ શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મજયંતિ સમાપન સમારોહ ........ 27
➤ SAFF Championship 2023 : ભારત નવમી વખત ચેમ્પિયન ........ 28
➤ QUESTION ANSWERS ........ 29


## 06 JULY-2023


➤ શ્રી અમિતભાઈ શાહે મહેસાણાના બોરિયાવીમાં સૈનિક સ્કૂલનું ઈ-ખાતમુહૂર્ત કર્યું ........ 31
➤ રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ માટેની યોજના ........ 31
➤ QUESTION ANSWERS ........ 33



® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## 07 JULY-2023


➤ દિવસ મહિમા : 07 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day) ........ 34
➤ મેટાએ Threads App લોન્ચ કરી ........ 34
➤ ગ્રીન હાઈડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદ (ICGH 2023) ........ 35
➤ QUESTION ANSWERS ........ 38


## 08 JULY-2023


➤ વિશ્વ ઝૂનોસિસ દિવસ (World Zoonosis Day) ........ 39
➤ ભારતીય રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ (Internationalization of Indian Rupee) ........ 39
➤ QUESTION ANSWERS ........ 42

ONE LINER ........ 43
QUESTION OF THIS WEEK ........ 47



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ

પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ 1 જુલાઈ, 2023ના રોજથી થયો હતો.

- દર વર્ષે દેશભરમાંથી લાખો લોકો અમરનાથ યાત્રા પર જાય છે. આ યાત્રા 62 દિવસ સુધી ચાલશે.

### અમરનાથ યાત્રા

ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે જુલાઈ–ઓગસ્ટ મહિનામાં આ યાત્રા યોજાય છે.

- અને આ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ એપ્રિલ મહિનામાં જ થઈ જાય છે.
- જમ્મુ કાશ્મીરમાં દર વર્ષે યોજાતી પ્રસિદ્ધ અમરનાથ યાત્રાના બે માર્ગ છે :

(1) **પહેલગામથી અમરનાથ (37-47km)**

(2) **બાલતાલથી અમરનાથ (14-16km)**

- જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે પહેલગામ અથવા તો બાલતાલ સુધી બસ અથવા તો અન્ય કોઈ વાહન દ્વારા જઈ શકાય છે.
- ત્યારબાદ પહેલગામ અથવા તો બાલતાલથી આ યાત્રા પગપાળા કરવાની હોય છે.
- જેમાં બાલતાલથી અમરનાથ વચ્ચેની પગપાળા યાત્રા લગભગ 14 કિમી સુધીની હોય છે. આથી, આ રૂટ ખૂબ જ ટૂંકો છે. આ માર્ગે 1 દિવસમાં અમરનાથની યાત્રા થઈ શકે છે.
- પરંતુ બાલતાલથી અમરનાથની યાત્રા ખૂબ જ જોખમી હોવાથી સરકાર આ રૂટથી થતી યાત્રાને પ્રોત્સાહન આપતી નથી. આ માર્ગ પર યાત્રીઓએ પોતાના જોખમે યાત્રા કરવાની હોય છે. રસ્તામાં કોઈ અણધારી ઘટના ઘટે તે માટે ભારત સરકાર જવાબદારી લેતી નથી.
- આથી, મોટા ભાગના યાત્રીઓ પહેલગામથી અમરનાથના માર્ગે જ આ યાત્રા કરે છે. અને ભારત સરકાર પણ સત્તાવાર રીતે આ માર્ગે થતી યાત્રાને જ પ્રોત્સાહન આપે છે.
- આ માર્ગે યાત્રા લગભગ પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

**નોંધ :** શ્રીનગરથી પહેલગામ વચ્ચેનું અંતર લગભગ 89 કિમી જેટલું છે.

### અમરનાથ યાત્રાનું સંચાલન

જમ્મુ કાશ્મીરમાં યોજાતી આ અમરનાથ યાત્રાનું સંચાલન શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

- આ બોર્ડની રચના વર્ષ 2000માં કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ તેના અધ્યક્ષ હોય છે. જોકે, અગાઉ જમ્મુ કાશ્મીર જ્યારે રાજ્ય હતું ત્યારે જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ આ બોર્ડના અધ્યક્ષ હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અમરનાથ મંદિર

અમરનાથ એ હિંદુ ધર્મનું એક મહત્ત્વનું તીર્થસ્થળ છે.

- ભારતમાં જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા અમરનાથ પર્વતની એક પહાડી ગુફામાં 13,600 ફૂટ ઊંચાઈ પર આ મંદિર આવેલું છે.
- આ ગુફાની લંબાઈ 19 મીટર, પહોળાઈ 16 મીટર અને ઊંચાઈ 11 મીટર જેટલી છે.
- અમરનાથ ગુફા એ ભગવાન શિવનું પ્રસિદ્ધ તીર્થધામ છે.
- તેને તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે કેમકે અહીં ભગવાન શિવે માં પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું.
- અમરનાથ મંદિરને પ્રસિદ્ધ 51 શકિત પીઠોમાંની એક માનવામાં આવે છે. અહીં માતા સતીનો કંઠનો ભાગ પડયો હોવાનું કહેવાય છે.

## અમરનાથ મંદિરની વિશેષતા



અમરનાથ મંદિરની મુખ્ય વિશેષતા આ પવિત્ર ગુફામાં દર વર્ષે બરફથી થતું કુદરતી શિવલિંગનું નિર્માણ છે.

- દર વર્ષે અષાઢી પૂર્ણિમાથી લઈને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન નિર્માણ થતા આ બરફના શિવલિંગના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ આ મંદિરની મુલાકાતે આવે છે.
- આ મંદિરમાં શિવલિંગનું નિર્માણ કુદરતી રીતે જ બરફથી થતું હોવાથી તેને 'હિમાની શિવલિંગ' અથવા તો 'બર્ફાની બાબા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અહીં ટપકતા બરફના ટીંપામાંથી લગભગ 10 ફૂટ ઊંચું શિવલિંગ બને છે.
- ચંદ્રમાના ઘટવા–વધવા સાથે આ બરફનો આકાર પણ ઘટતો વધતો રહે છે.
- શ્રાવણી પૂર્ણિમાએ તે પોતાના પૂરા આકારમાં આવી જાય છે. અને અમાસ સુધીમાં તે ધીરે ધીરે નાનું થઈ જાય છે.
- અહીં આશ્ચર્યની વાત એ છે કે, આ શિવલિંગ નક્કર બરફનું બનેલું હોય છે. જ્યારે ગુફામાં સામાન્ય રીતે કાચો બરફ હોય છે, જે હાથમાં લેતાં જ ચૂરચૂર થઈ જાય છે.
- આ મૂળ શિવલિંગથી થોડા અંતરે શ્રી ગણેશજી, ભૈરવ અને માતા પાર્વતીના આવા જ અલગ અલગ હિમખંડ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમરનાથ મંદિર વિશેની લોકવાયકાઓ

(1) આ ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને અમરકથા સંભળાવી હતી. જેને સાંભળીને શ્રી શુકદેવ ઋષિ શુકદેવ તરીકે અમર થઈ ગયા હતા.

(2) આ ગુફામાં કબૂતરોની એક જોડી પણ આ કથા સાંભળીને અમર થઈ ગઈ હતી. કેટલાક શ્રદ્ધાળુઓને આજે પણ આ કબૂતરોની જોડીના દર્શન થાય છે.

(3) ભગવાન શિવે આ ગુફામાં પાર્વતીને અમરનાથની યાત્રા અને એ માર્ગે આવતા અનેક સ્થળોનું વર્ણન કર્યું હતું. આ કથા સમય જતાં અમરકથા નામથી પ્રસિદ્ધ થઈ હતી.

**નોંધ :** (1) સૌપ્રથમ ભૃગુ ઋષિએ અમરનાથની શોધ કરી હોવાનું માનવામાં આવે છે.

(2) 16મી સદીના પૂર્વાર્ધમાં એક ઘેટા-બકરા ચરાવતા વ્યક્તિને અમરનાથની ગુફામાં બરફના શિવલિંગના સૌપ્રથમ દર્શન થયા હતા એવું પણ કહેવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નીરજ ચોપરાએ ફરી ઈતિહાસ રચ્યો : Lausanne Diamond Leagueનું ટાઈટલ જીત્યું




ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા અને પ્રસિદ્ધ જેવલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ ફરી એકવાર દેશનું નામ રોશન કર્યુ છે.

- શ્રી નીરજ ચોપરાએ 87.66 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે 'લૌઝેન ડાયમંડ લીગ 2023'માં ટોચનું સ્થાન મેળવ્યું હતું.
- આ સાથે શ્રી નીરજ ચોપરાએ વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે.
- શ્રી નીરજ ચોપરાએ પાંચમાં પ્રયાસમાં આ બેસ્ટ થ્રો પ્રાપ્ત કર્યો હતો.
- આ અગાઉ દોહા ડાયમંડ લીગમાં તેમણે ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.
- શ્રી નીરજ ચોપરાનો આ વર્ષે બીજો અને કુલ આઠમો ઈન્ટરનેશનલ ગોલ્ડ મેડલ છે.
- Lausanne Diamond League 2023 એ એથ્લેટિક્સ કેલેન્ડરમાં સૌથી અપેક્ષિત ઈવેન્ટ્સમાંની એક છે.

# શ્રી માઈકલ રોસેનને PEN Pinter Prize 2023 એનાયત કરવામાં આવ્યું



તાજેતરમાં જાણીતા બ્રિટિશ બાળકોના લેખક અને અભિનય કવિ શ્રી માઈકલ રોસેનને 'PEN Pinter Prize 2023'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- આ સન્માન યુકે, આયર્લેન્ડ અને કોમનવેલ્થના એવા લેખકને આપવામાં આવે છે જેમનું કાર્ય નિર્ભયપણે સમકાલીન જીવન વિશે સત્યને ઉજાગર કરે છે.
- 2007 થી 2009 સુધી શ્રી માઈકલ રોસને (અથવા રોઝને) બ્રિટિશ ચિલ્ડ્રન્સ લોરિએટનું પ્રતિષ્ઠિત પદ સંભાળ્યું હતું, જ્યાં તેમણે તેમના મનમોહક કાર્ય અને પ્રદર્શન દ્વારા કવિતાને સુલભ બનાવી હતી.
- તેમના લખાણોમાં સામાજિક, રાજકીય અને નૈતિક વિષયોને સંબોધવા, વધુ વ્યાપક અને સહાનુભૂતિપૂર્ણ સાહિત્યિક લેન્ડસ્કેપમાં યોગદાન આપવા માટે તેઓ વ્યાપકપણે ઓળખાય છે.
- તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં 'ઓન ધ મૂવ : પોઈમ્સ અબાઉટ માઈગ્રેશન' (2020) કવિતાઓનો સંગ્રહ છે. જે વ્યક્તિગત અને વૈશ્વિક બંને દૃષ્ટિકોણથી સમકાલીન અને ઐતિહાસિક સ્થળાંતરનું અન્વેષણ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. ભારતમાં અમરનાથ યાત્રાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?
   (A) જમ્મુ કાશ્મીર પ્રશાસન (B) કેન્દ્ર સરકાર
   (C) શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (D) (A) અને (B) બંને
   (C)

2. નીચેના પૈકી કયા સ્થળેથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થાય છે ?
   (A) બારામુલ્લા (B) પૂંચ (C) પહેલગામ (D) પુલવામા
   (C)

3. ભારતમાં અમરનાથ યાત્રા માટે પ્રસિદ્ધ અમરનાથ મંદિર જમ્મુ કાશ્મીરના કયા જિલ્લામાં આવેલું છે ?
   (A) જમ્મુ (B) અનંતનાગ (C) ઉધમપુર (D) કુપવાડા
   (B)

4. જમ્મુ કાશ્મીરમાં આવેલા ભારતના પ્રસિદ્ધ અમરનાથ મંદિરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. અહીં ભગવાન શિવે માતા પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું, તેથી તેને તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે.
   2. તે પ્રસિદ્ધ 51 શક્તિ પીઠોમાંનું એક છે, અહીં માતા સતીનો કંઠનો ભાગ પડયો હતો.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) 1 અને 2 બંને સાચા (B) ફક્ત 1
   (C) ફક્ત 2 (D) બંનેમાંથી એકપણ નહીં
   (A)


5. તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ જેવલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ કેટલા મીટર થ્રો કરી 'Lausanne Diamond League'નું ટાઈટલ જીત્યું હતું ?
   (A) 87.66 (B) 85.66 (C) 84.66 (D) 83.66
   (A)

6. 'PEN Pinter Prize' વિશે નીચેના વિધાનો ધ્યાને લો :
   1. શ્રી માઈકલ રોસેનને વર્ષ 2023નું આ પ્રાઈઝ એનાયત થયું હતું.
   2. આ સન્માન યુકે, આયર્લેન્ડ અને કોમનવેલ્થના એવા લેખકને આપવામાં આવે છે જેમનું કાર્ય નિર્ભયપણે સમકાલીન જીવન વિશે સત્યને ઉજાગર કરે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) ફક્ત 1 (B) 1 અને 2 બંને સાચા
   (C) 1 અને 2 બંને ખોટા (D) ફક્ત 2
   (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 03 જુલાઈ, અષાઢ સુદ પૂનમ, ગુરૂપૂર્ણિમા




ભારતમાં દર વર્ષે અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ 2023માં 03 જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી છે.
- ભારતમાં આદી શંકરાચાર્ય દ્વારા શરૂ થયેલી ગુરુશિષ્ય પરંપરામાં તેમજ ભારતમાં અનાદીકાળથી ચાલી આવતી આધ્યાત્મિક પરંપરામાં ગુરૂપૂર્ણિમાનો વિશેષ મહિમા છે.
- ભારતીય સંસ્કૃતિની, ભારતીય અધ્યાત્મ જગતની કોઈ વિલક્ષણ ઘટના હોય તો તે ગુરૂશિષ્ય પરંપરા છે.
- કદાચ વિશ્વને ભારતની કોઈ સૌથી મોટી ભેટ હોય તો તે આ ગુરૂશિષ્ય પરંપરા જ છે.
- ભારતના ગૌરવવંતા ઈતિહસમાં વાલિયા લૂંટારામાંથી 'વાલ્મિકી ઋષિ', બહારવટીયા જેસલમાંથી 'જેસલપીર', શિવામાંથી 'છત્રપતિ શિવાજી મહારાજ' અને નરેન્દ્રમાંથી 'સ્વામી વિવેકાનંદ'નો પ્રાદૂર્ભાવ એ આ ગુરૂ શિષ્ય પરંપરાના જ નીતર્યા મોતી છે.

**નોંધ :** ગુરૂપૂર્ણિમાના દિવસે મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસજીનો જન્મ દિવસ હોવાથી આ પૂર્ણિમાને 'વ્યાસપૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ 2023માંથી વેસ્ટ ઈન્ડિઝ બહાર

વન–ડે વર્લ્ડ કપ 2023માં પ્રવેશ મેળવવા માટે વેસ્ટ ઈન્ડિઝની ટીમ સહિત અન્ય 10 ટીમો ઝિમ્બાબ્વેમાં ક્વોલીફાય મેચ રમી રહી છે.

- જેમાં તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ ટીમની સ્કોટલેન્ડની ટીમ સામે હાર થઈ હતી.
- આ સાથે વેસ્ટ ઈન્ડિઝની ટીમ મેન્સ વન–ડે વર્લ્ડ કપ 2023માં ક્વોલિફાય ન થતા બહાર થઈ ગઈ છે.
- વેસ્ટ ઈન્ડિઝની ટીમ ક્રિકેટ વર્લ્ડ કપ નહીં રમે એવું પ્રથમ વખત બન્યું છે.
- નોંધનીય છે કે 1975 અને 1979ના ક્રિકેટ વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ ચેમ્પિયન રહી ચૂક્યું છે.
- 5 ઓક્ટોબરથી 19 નવેમ્બર, 2023 દરમિયાન ભારતમાં ક્રિકેટ વર્લ્ડ કપ 2023નું આયોજન કરવામાં આવ્યું છે.

## લોથલમાં 400 એકરમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સનું નિર્માણ થશે



લોથલમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સનું 400 એકર જમીનમાં નિર્માણ થઈ રહ્યું છે જેની પ્રગતિ મુદ્દે ગાંધીનગરમાં સમિક્ષા બેઠક યોજવામાં આવી હતી.

- કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી.
- આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ રસાયણ અને ખાતર મંત્રી ડો. મનસુખ માંડવિયા જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### દરિયાઇ ગેલેરી માટે MoU

બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રાલય (ભારતીય નેવી અને કોસ્ટગાર્ડ) સાથે એક દરિયાઈ ગેલેરી : 'ધ જર્ની ઓફ ઈન્ડિયન નેવી એન્ડ કોસ્ટગાર્ડ' (ભારતીય નેવી અને કોસ્ટગાર્ડની યાત્રા) માટે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ


કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) વિકસિત કરી રહ્યું છે.

- આ કોમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે.
- NMHC એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના સાગરમાલા પ્રોગ્રામના મુખ્ય પ્રોજેક્ટ્સમાંનું એક છે તે વિશ્વનું સૌથી મોટું મેરિટાઈમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સ હશે.
- NMHC ભારતના વૈવિધ્યસભર દરિયાઈ ઈતિહાસને શીખવા અને સમજવા માટેના એક કેન્દ્ર તરીકે કામ કરશે અને ભારતનો સામાન્ય માણસ તેનો ઈતિહાસ સરળતાથી સમજી શકે તે રીતે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે 375 એકર જમીન ફાળવી છે. આ ઉપરાંત સ્ટાફ ક્વાટર્સના વિકાસ માટે વધારાની 25 એકર જમીન ફાળવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ કોમ્પ્લેક્સમાં મેરિટાઈમ મ્યુઝિયમ, લાઈટ હાઉસ મ્યુઝિયમ, મેરિટાઈમ થીમ પાર્ક્સ, એમ્યુઝમેન્ટ પાર્ક્સ વગેરેનો સમાવેશ થાય છે.
- શિક્ષણ અને મનોરંજનનો અભિગમ અપનાવીને આ કોમ્પ્લેક્સ પ્રાચીનથી આધુનિક સમય સુધીના દેશના દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે.

## લોથલ



લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામે સાબરમતી તથા ભોગાવો નદીની વચ્ચે આવેલું સિંધુ સંસ્કૃતિનું સ્થળ છે.

- લોથલનો અર્થ લાશોનો ટેકરો અથવા ટીંબો થાય છે.
- શ્રી એસ. આર. રાવ દ્વારા વર્ષ 1954માં લોથલનું ઉત્ખન્ન (ખોદકામ) કરવામાં આવ્યું હતું.

## અવશેષો

- ડોકયાર્ડ તેમાં વહાણ લંગારવા માટે તળાવ જેવો મોટો ધક્કો બનાવાયો હતો.
- ધક્કાનુ તળીયુ 45 મી. લાંબુ, 40 મી. પહોળુ તથા 1 મી. ઊંડું હતું.
- આ ધક્કામાં 65 વહાણો આવી શકતા. તે ઉત્તરથી પ્રવેશ કરતા તથા દક્ષિણ તરફ સમુદ્રમાં નીકળી જતા.
- આ પરથી કહી શકાય કે લોથલ તે સમયે વેપારી પ્રવૃતી માટે ખૂબ જ ઉપયોગી બંદર હશે.
- અહીંથી વહાણની આકૃતિવાળી મુદ્રા, અગ્નિકુંડ, મણકા બનાવવાનું કારખાનું, બારીક છીદ્રવાળા સોનાના મણકા મળ્યા છે. જેનો ઉપયોગ હાર પરોવવા થતો હશે. જે લોથલની વિશિષ્ટતા ગણી શકાય.
- અનાજ દળવાની પથ્થરની બનેલી ઘંટી (જે સૌપ્રથમ મળી છે), શતરંજની રમતના ચિહ્નો, હાથીદાંતની માપપટ્ટી તથા 21 જેટલા હાડપિંજર મળ્યા છે. ઉપરાંત ખોપરીમાં હોલ પાડેલો જોવા મળે છે, જે શસ્ત્રક્રિયાનું ઉદાહરણ ગણી શકાય.
- સ્ત્રી પુરૂષનાં સાથે દટાયેલા શબને કારણે સતિપ્રથા પ્રચલનમાં હશે તેવું અનુમાન કરી શકાય છે, તેમજ 64 વખારો ધરાવતા વિશાળ મકાન મળી આવ્યા છે.

### લોથલની સંસ્કૃતિનું નગર આયોજન

- લોથલનું નગર આયોજન હડપ્પા કે મોહેં–જો–દડોની જેમ પદ્ધતિસર હતું.
- પહેલી ગ્રામ વસાહત નાશ પામ્યા પછી બીજા તબક્કામાં તેનું બંદર તથા ઔદ્યોગિક નગર તરીકે સારૂ આયોજન કરાયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- અહીં આવેલ શાસનના અધિષ્ઠાનને બાકીના નગરથી અલગ કરાયું હતું.
- દરેક મકાનમાં સ્નાનાગાર તથા કૂવો અચૂક જોવા મળે છે.
- અહીં ખાળકૂવામાંથી શહેરની મુખ્ય ગટર જોડાય તે રીતે નીકો(ગટર) કાઢવામાં આવતી હતી.
- આ નગરના ઉત્તરના ભાગમાં શહેરનું મુખ્ય બજાર હતું.
- આ નગરના રસ્તા બે વાહન સામસામા પસાર થઈ જાય તેવા પહોળા હતા.
- અહીં ભૂર્ગભ ગટરમાંથી નિયમિત કચરો કાઢવાની વ્યવસ્થા હતી.
- અહીંના રસ્તાઓ તથા શેરીઓ નિયમિત સાફ થતા તથા બાંધકામોની નાગરિક તંત્ર (હાલમાં NGO) દ્વારા તપાસ થતી.
- આ નગરની અગ્નિ દિશામાં એક ઉપરકોટ હતો. તેમાં એક વિશાળ વખારોનું બાંધકામ પ્રાપ્ત થયું છે. તેમાં એક જ લાઈનમાં 64 વખારો હતી. ઉપરાંત તેમાં મજૂરોને આવજા કરવા માટે પગથીયા પણ બનાવેલા હતા.
- લોથલમાંથી બજારનાં અવશેષ મળ્યા છે. બજારની બંને બાજુ હારબંધ દુકાનો છે.

## લોથલની સંસ્કૃતિમાં સમાજજીવન

- અવશેષો પરથી ખબર પડે છે કે લોથલના લોકોનો પહેરવેશ સિંધુખીણની સંસ્કૃતિ જેવો જ હતો.
- તેઓ સુતરાઉ, ઉન તથા શણનાં કાપડનો ઉપયોગ કરતા હતા.
- તેઓ ખોરાકમાં દૂધ તથા ઘઉં, બાજરી, જવ, ચોખા ઉપરાંત ખજૂર તથા માંસનો પણ ઉપયોગ કરતા હતા.
- અવશેષો પરથી કહી શકાય કે તેઓ અલંકારોનાં શોખીન હતા.
- ઘરવખરીનાં પણ અનેક સાધનો મળ્યા છે. ઉપરાંત પોતાના બાળકોના આનંદપ્રમોદ માટે વિવિધ પ્રકારના રમકડાં પણ બનાવામાં આવતા હતા.
- વડીલો મનોરંજન માટે સોગઠાબાજી, પાસા, શતરંજ, માછીમારી તથા સંગીત–નૃત્ય વડે આનંદ પ્રમોદ કરતા એવું અવશેષો પરથી જાણી શકાય છે.
- અહિથી પ્રાપ્ત થયેલ હથિયારો મોટેભાગે પથ્થરનાં બનેલા હતા. જે દક્ષિણ ગુજરાતમાંથી અકીકનાં પથ્થર આયાત કરી તેમાંથી ધારદાર છરી જેવા સાધનો બનાવતા હશે.

## લોથલ સંસ્કૃતિની આર્થિક સ્થિતી

- તેમનો મુખ્ય વ્યવસાય ખેતી હતો જ્યારે પશુપાલન ગૌણ વ્યવસાય હતો.
- લોથલ સાબરમતી તથા ભોગાવો એમ બે નદીની વચ્ચે આવેલું નગર હોવાથી ખેતીવાડી માટે અનુકૂળ વાતાવરણ હતું.
- તેઓ સમુદ્રપારના દેશો સાથે પણ વ્યાપાર કરતા હતા.
- અહીં આંતરીક વેપાર પણ ઉન્નત કક્ષામાં થતો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- અહીંથી પ્રાપ્ત થયેલાં સઢવાળા વહાણનાં ચિત્રો તથા વિશાળ ડોકયાર્ડ એ સમૃદ્ધ બંદરનો પુરાવો આપે છે.
- અહીં હુન્નર ઉદ્યોગોનો વિકાસ ઘણો સારો થયેલો વસ્તુની ગુણવત્તાને ઉપર સારૂ ધ્યાન અપાયેલું હતું.

### લોથલની ધાર્મિક સ્થિતી

- અહીંના લોકો પ્રકૃતિ પુજામાં માનતા હશે તેવું અવશેષો પરથી કહી શકાય છે.
- ઉપરાંત ઉત્ખનન દરમિયાન વેદીનાં અવશેષ મળ્યા છે. માટે કહી શકાય કે ‘અગ્નિપૂજા’ કે ‘હવન’ જેવું કાંઈક ધાર્મિક વિધી કરતાં હશે.
- તેઓ શબને દાંટતાં હતાં. ઉપરાંત શબની સાથે રોજીંદી જરૂરિયાતની વસ્તુઓ પણ મૂકતાં હતા.
- ઉપરાંત કેટલીક જગ્યાએ સ્ત્રી–પુરૂષનાં સાથે શબ મળ્યા છે. માટે સતીપ્રથા પ્રચલીત હશે તેવું પણ કહી શકાય છે.
- આ સંસ્કૃતિની લિપી હજી ઉકેલાઈ નથી માટે હજી જોઈએ તેટલી આધારભૂત માહિતી મળી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. ભારતમાં દર વર્ષે 'ગુરૂપૂર્ણિમાં' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) મહા સુદ પૂનમ (B) મહા વદ પૂનમ

(C) અષાઢ સુદ પૂનમ (D) અષાઢ વદ પૂનમ (C)

2. ભારતમાં કઈ પૂનમ 'વ્યાસપૂર્ણિમાં' તરીકે ઓળખાય છે ?

(A) શરદ પૂનમ (B) ચૈત્રી પૂનમ

(C) ભાદરવી પૂનમ (D) ગુરૂ પૂનમ (D)

3. નીચેના પૈકી કઈ ટીમ મેન્સ વન–ડે ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં ક્વોલિફાય થઈ નથી ?

(A) વેસ્ટ ઈન્ડિઝ (B) અફઘાનિસ્તાન

(C) બાંગ્લાદેશ (D) શ્રીલંકા (A)

4. નીચેના પૈકી કયા સ્થળે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' (NMHC)નું નિર્માણ થશે ?

(A) વિશાખાપટ્ટનમ (B) રાખીગઢી

(C) લોથલ (D) ગોવા (C)

5. ઈ.સ. 1954માં લોથલનું સંશોધન કોણે કર્યુ હતું ?

(A) એમ. એસ. વત્સ (B) એસ. આર. રાવ

(C) જે. પી. જોષી (D) ભગવાનલાલ ઈન્દ્રજી (B)

6. લોથલ સભ્યતા અંગે નીચેનામાંથી કઈ બાબત સાચી રીતે જોડાયેલી નથી ?

(A) હાથી દાંત, શંખ અને છીપની પ્રવૃત્તિઓ આ સંસ્કૃતિ વખતે અસ્તિત્વમાં હતી.

(B) ભયંકર દુષ્કાળના કારણે લોથલ સંસ્કૃતિ નાશ પામી હતી.

(C) બારીક છિદ્રોવાળા સોનાના મણકા લોથલ સભ્યતા દરમિયાન ઘરેણાનું અસ્તિત્વ હોવાનું દર્શાવે છે.

(D) લોથલ સંસ્કૃતિ દરિયાઈ બંદર અને વહાણવટા સાથે જોડાયેલી હતી. (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત આર્ટેમિસ કરારમાં જોડાયું (India Joins Artemis Accords)



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન 'આર્ટેમિસ કરાર' અથવા 'આર્ટેમિસ એકોર્ડ્સ' (Artemis Accords)માં જોડાવાના ભારતના નિર્ણયની જાહેરાત કરી હતી.

- નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA) અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) હ્યુસ્ટન, ટેક્સાસમાં આવેલા જોન્સન સ્પેસ સેન્ટરમાંથી 2024માં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પ્રશિક્ષિત ભારતીય અવકાશયાત્રીઓને મોકલવા માટે સાથે મળીને કામ કરશે.
- આ સાથે બિન–બંધનકર્તા આર્ટેમિસ કરાર પર હસ્તાક્ષર કરનાર ભારત 27મો દેશ બન્યો છે.

### Artemis Accords શું છે ?

અમેરિકાએ વર્ષ 2020માં 7 અન્ય સ્થાપક સભ્ય દેશો સાથે મળીને આર્ટેમિસ એકોર્ડની સ્થાપના કરી હતી.

- આ અન્ય સાત સ્થાપક સભ્યોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈટાલી, જાપાન, લક્ઝમબર્ગ, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઈટેડ કિંગ્ડમનો સમાવેશ થાય છે.
- આર્ટેમિસ એકોર્ડ્સ ઓપરેશનલ સલામતી સુધારવા, અનિશ્ચિતતા ઘટાડવા અને શાંતિપૂર્ણ હેતુઓ માટે તેના ફાયદાકારક અને ટકાઉ ઉપયોગને ટેકો આપવા, ચંદ્ર, મંગળ, ધૂમકેતુ અને એસ્ટરોઈડ સહિત અવકાશના ઉપયોગ અંગે નાગરિક અવકાશ એજન્સીઓ અને શાસન વચ્ચેના સહકાર માટે માર્ગદર્શિકા આપે છે.
- આર્ટેમિસ એકોર્ડ વૈશ્વિક સહકાર પર મજબૂત ભાર મૂકે છે.
- બિન–બંધનકારી આર્ટેમિસ કરાર પર હસ્તાક્ષર કરનાર ભારત 27મો દેશ બન્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## કરાર હેઠળ પ્રતિબદ્ધતાઓ

**શાંતિપૂર્ણ હેતુઓ :**

- હસ્તાક્ષરકર્તાઓ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર શાંતિપૂર્ણ હેતુઓ માટે અવકાશ પ્રવૃત્તિઓ કરવા માટે સરકારો અથવા એજન્સીઓ વચ્ચે સમજૂતી પત્ર (MoU)નો અમલ કરશે.

**સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર :**

- હસ્તાક્ષરકર્તાઓ વૈજ્ઞાનિક શોધ અને વ્યાપારી ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વહેંચાયેલ સંશોધન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્ત્વને સ્વીકારે છે.

**નોંધણી અને ડેટા શેરિંગ :**

- સંબંધિત અવકાશ વસ્તુઓની નોંધણી અને વૈજ્ઞાનિક ડેટાની સમયસર વહેંચણી કરવી. જ્યાં સુધી હસ્તાક્ષરકર્તા વતી કાર્ય કરવામાં ન આવે ત્યાં સુધી ખાનગી ક્ષેત્રોને છૂટ આપવામાં આવે છે.

**હેરિટેજ જાળવણી :**

- હસ્તાક્ષરકર્તાઓ પાસે ઐતિહાસિક લેન્ડિંગ સાઈટ્સ, કલાકૃતિઓ અને અવકાશી પદાર્થો પરની પ્રવૃત્તિના પુરાવાઓ સાચવવાની અપેક્ષા રાખવામાં આવે છે.

**અવકાશ સંસાધનોનો ઉપયોગ :**

- અવકાશ સંસાધનોના ઉપયોગ સાથે સુરક્ષિત અને ટકાઉ આંતરકાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું અને અન્ય હસ્તાક્ષરોની પ્રવૃત્તિમાં દખલ ન કરવી. દખલ અટકાવવા માટે સ્થાન અને પ્રકૃતિ વિશેની માહિતી શેર કરવી જોઈએ.

**કાટમાળનું શમન :**

- હસ્તાક્ષરકર્તા અવકાશયાનના સુરક્ષિત નિકાલ માટે યોજના બનાવે છે અને હાનિકારક કાટમાળના ઉત્પાદનને મર્યાદિત કરે છે.

## આર્ટેમિસ પ્રોગ્રામ હેઠળના મુખ્ય મિશન

### આર્ટેમિસ-I : ચંદ્ર પર માનવરહિત મિશન

આર્ટેમિસ પ્રોગ્રામ 16 નવેમ્બર, 2022ના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરમાંથી સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) પર 'ઓરિયન' નામના અવકાશયાનના પ્રક્ષેપણ સાથે શરૂ થયું હતું.

- SLS, એક સુપર હેવી–લિફ્ટ પ્રક્ષેપણ વાહન, એક જ મિશન પર ઓરિયનને સીધા ચંદ્ર પર લઈ ગયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્ટેમિસ-II : ક્રૂડ લુનર ફ્લાય-બાય મિશન

આર્ટેમિસ-II 2024 માટે નિર્ધારિત, આર્ટેમિસ પ્રોગ્રામ હેઠળનું પ્રથમ માનવયુક્ત મિશન હશે.

- SLS પર ચાર અવકાશયાત્રીઓ હશે કારણ કે તે પૃથ્વીની આસપાસ વિસ્તૃત ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ પ્રવૃત્તિઓ કરે છે.
- આ મિશનમાં ચંદ્રની ઉડાન અને પૃથ્વી પર પાછા ફરવાનું પણ સામેલ હશે.

## આર્ટેમિસ-III : માણસનું ચંદ્ર પર પાછા ફરવું

વર્ષ 2025 માટે નિર્ધારિત, આર્ટેમિસ-III માનવ અવકાશ સંશોધનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ચિહ્નિત કરશે કારણ કે અવકાશયાત્રીઓ ચંદ્ર પર પાછા ફરશે.

- આ મિશન આર્ટેમિસ-IIના ચંદ્ર ફ્લાય–બાયથી આગળ જશે, જેનાથી અવકાશયાત્રીઓ ચંદ્રની સપાટી પર ઉતરવાની સાથે ચંદ્રનો વધુ અભ્યાસ કરી શકશે.
- આ સાથે વર્ષ 2029 માટે લુનર ગેટવે સ્ટેશનની સ્થાપના માટે એક યોજના બનાવવામાં આવી છે.
- તે સ્ટેશન અવકાશયાત્રીઓ માટે ડોકીંગ પોઈન્ટ તરીકે કામ કરશે અને વૈજ્ઞાનિક સંશોધન તેમજ પ્રયોગોની સુવિધા આપશે.

### ભારત માટે ફાયદા

- **તકનીકી સહયોગ :** આર્ટેમિસ પ્રોગ્રામમાં ભાગ લેવાથી ISRO અને NASA વચ્ચે સહયોગ, જ્ઞાન–આદાન–પ્રદાન અને ટેક્નોલોજી ટ્રાન્સફરની તકો મળશે.
- **વૈજ્ઞાનિક સંશોધન :** ભારતની ભાગીદારી તેના વૈજ્ઞાનિકો અને સંશોધકોને ચંદ્રના નમૂનાઓ અને ડેટાની એક્સેસ પ્રદાન કરશે, જેનાથી તેઓ ચંદ્રના ભૂસ્તરશાસ્ત્ર, સંસાધનો અને ભવિષ્યમાં માનવ વસાહતોની સંભવિતતા સંબંધિત વૈજ્ઞાનિક શોધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.
- **અવકાશ ઉદ્યોગનો વિકાસ :** ચંદ્ર લેન્ડર, રહેઠાણ અને રોવર્સ જેવી ટેક્નોલોજીના વિકાસમાં સામેલ થવાથી વૈશ્વિક અવકાશ ક્ષેત્રમાં ભારતની ક્ષમતાઓ અને સ્પર્ધાત્મકતા વધી શકે છે.
- **આંતરરાષ્ટ્રીય સંબંધો :** ઉન્નત આંતરરાષ્ટ્રીય સબંધો ભારતને રાજદ્વારી, આર્થિક અને વ્યૂહાત્મક લાભો આપી શકે છે.
- **નેક્સ્ટ જનરેશનને પ્રેરણા આપવી :** આર્ટેમિસ પ્રોગ્રામમાં સામેલ થવાથી ભારતીય વિદ્યાર્થીઓ અને મહત્વાકાંક્ષી વૈજ્ઞાનિકોને અવકાશ સંશોધન અને સંબંધિત ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પ્રેરણા મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેકનોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

## NASA

નાસા એ વિશ્વની અગ્રણી અવકાશ સંસ્થા છે.

- તે અમેરિકી સરકારની સ્વતંત્ર અવકાશ એજન્સી છે.
- NASAનું પૂરું નામ 'National Aeronautics And Space Administration છે.
- 29 જુલાઈ, 1958ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
- નાસાનું ધ્યેય વાક્ય 'For the Benefit of All' છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ફૂકુશિમા જળ મુદ્દો (Fukushima Water Issue)

ફુકુશિમા ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાંથી 1 મિલિયન ટનથી વધુ પાણી સમુદ્રમાં છોડવાની જાપાનની યોજનાએ પાડોશી દેશો ખાસ કરીને દક્ષિણ કોરિયા માટે ચિંતા વધારી છે.

- જોકે, એવો પણ દાવો કરવામાં આવે છે કે આ પાણી શુદ્ધ કરીને છોડવામાં આવે છે, પરંતુ તે સંભવિત કિરણોત્સર્ગી હોઈ શકે છે.
- જાન્યુઆરી 2023માં જાપાને જણાવ્યું હતું કે તે ફૂકુશિમા ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાંથી 1.25 ટનથી વધુ ગંદુ પાણી પેસિફિક મહાસાગરમાં છોડશે.



## ફૂકુશિમા જળ સમસ્યા શું છે ?

2011માં ભૂકંપ અને સુનામીના કારણે હાઈડ્રોજન વિસ્ફોટથી જાપાનના ફૂકુશિમા પાવર પ્લાન્ટ ખાતે રિએક્ટરની ઈમારતોને નુકસાન થયું હતું.

- આ પાવર પ્લાન્ટને 2011માં ધરતીકંપ અને સુનામીને પગલે બંધ કરવાની ફરજ પડી હતી, જેણે પર્યાવરણમાં મોટા પ્રમાણમાં કિરણોત્સર્ગી સામગ્રી મુક્ત કરી હતી.
- પીગળેલા રિએક્ટરને ઠંડુ કરવા માટે એક મિલિયન ટનથી વધુ પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- હાલમાં કિરણોત્સર્ગી પાણીને એક જટિલ ગાળણ પ્રક્રિયામાં સારવાર આપવામાં આવે છે, જે મોટાભાગના કિરણોત્સર્ગી તત્વોને દૂર કરે છે, પરંતુ કેટલાક રહે છે.
- જેમાં ટ્રીટિયમનો સમાવેશ થાય છે, જે ખૂબ મોટી માત્રામાં માનવો માટે હાનિકારક માનવામાં આવે છે.
- એડવાન્સ લિક્વિડ પ્રોસેસિંગ સિસ્ટમ (ALPS) નામની ફિલ્ટરિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને પાણીની પ્રક્રિયા કરવામાં આવે છે.
- ટ્રિટિયમ એ હાઈડ્રોજનનો એક દુર્લભ અને કિરણોત્સર્ગી આઈસોટોપ છે. જેનું અર્ધજીવન લગભગ 12.5 વર્ષ છે.
- જાપાન કહે છે કે તેની પાસે પાણીનો સંગ્રહ રાખવા માટે કોઈ જગ્યા નથી અને તેથી તે તેને દરિયામાં છોડે છે.
- ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) પણ જાપાનને સમુદ્રમાં પાણી છોડવામાં મદદ કરી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઉભી થયેલી ચિંતાઓ

દક્ષિણ કોરિયાને ડર છે કે આ પાણી છોડવાથી તેનું પાણી, મીઠું અને સીફૂડ (દરિયાઈ ખોરાક) દૂષિત થશે, જેનાથી માછીમારી અને જાહેર આરોગ્ય પર અસર થશે.

- નોંધનીય છે કે દક્ષિણ કોરિયામાં મીઠાની વધતી માંગને કારણે લગભગ 27% ભાવ વધારાને આભારી છે, જેનું કારણ સંગ્રહ તેમજ હવામાન અને ઓછા ઉત્પાદન જેવા બાહ્ય પરિબળોને આભારી છે.
- નિષ્ણાતોએ જણાવ્યું કે કિરણોતસર્ગી આઈસોટોપ સ્ટ્રોન્ટિયમ 90ની ખરાબ અસરો પણ દર્શાવે છે. સમુદ્રમાં છોડવામાં આવતું સ્ટ્રોન્ટિયમ માછલી અને માનવ બંનેના હાડકામાં ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરી શકે, જેના કારણે કેન્સરનું જોખમ વધે છે.
- ઘણા દેશોએ જાપાનની આ યોજનાની ટીકા કરી છે અને તેની પારદર્શિતા પર સવાલ ઉઠાવ્યા છે અને દરિયાઈ પર્યાવરણ અને વૈશ્વિક સ્વાસ્થ્ય પર સંભવિત અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે.

**નોંધ :** વર્ષ 2011માં જાપાનમાં સુનામી અને ધરતીકંપના કારણે હજારો લોકો મૃત્યુ પામ્યા હતા.

## IAEA

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ એક આંતર–સરકારી સંસ્થા છે જે પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પરમાણુ શસ્ત્રો સહિત કોઈપણ લશ્કરી હેતુ માટે તેનો ઉપયોગ અટકાવવા માગે છે.


- તેની સ્થાપના વર્ષ 1957માં યુનાઈટેડ નેશન્સ હેઠળ વિશ્વની 'શાંતિ માટેના પરમાણુ' (Atoms for Peace) સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
- તે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ બંનેને રિપોર્ટ કરે છે.
- તેનું મુખ્ય મથક ઓસ્ટ્રિયાના વિયેનામાં યુનાઈટેડ નેશન્સ ઓફિસમાં છે.
- વર્ષ 2005માં તેને તેના કાર્ય અને સુરક્ષિત અને શાંતિપૂર્ણ વિશ્વની સ્થાપના માટે કરેલા પ્રયત્નો માટે નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ન્યુક્લિયર પાવર પ્લાન્ટ શું છે ?

ન્યુક્લિયર પાવર પ્લાન્ટ એ પાવર પ્લાન્ટનો એક પ્રકાર છે જે વીજળી ઉત્પન્ન કરવા માટે પરમાણુ વિભાજનની પ્રક્રિયાનો ઉપયોગ કરે છે.

- પરમાણુ વિભાજનમાં અણુઓ નાના અણુઓમાં વિભાજિત થાય છે અને ઊર્જા મુક્ત કરે છે.
- વિભાજન ન્યુક્લિયર પાવર પ્લાન્ટના રિએક્ટરની અંદર થાય છે.
- રિએક્ટરના કેન્દ્રમાં યુરેનિયમ ઈંધણ હોય છે.
- રિએક્ટર કોરમાં પરમાણુ વિભાજન દરમિયાન ઉત્પન્ન થતી ગરમીનો ઉપયોગ પાણીનો વરાળમાં રૂપાંતરિત કરવા માટે થાય છે, જે સ્ટીમ ટર્બાઈનના બ્લેડને ફેરવે છે.
- જેમ જેમ ટર્બાઈન બ્લેડને ફેરવે છે તેમ તેમ તેઓ જનરેટરને ફેરવે છે, જે વીજળી ઉત્પન્ન કરે છે.
- ન્યુક્લિયર પ્લાન્ટ વરાળને ઠંડુ કરે છે અને પાવર પ્લાન્ટમાં પાણીને અલગ સ્ટ્રક્ચરમાં રૂપાંતરિત કરે છે.
- જેને કુલિંગ ટાવર કહેવામાં આવે છે, અથવા તેઓ તળાવ, નદીઓ અથવા સમુદ્રના પાણીનો ઉપયોગ કરે છે.
- ત્યારબાદ ઠંડુ પાણી વરાળ ઉત્પન્ન કરવા માટે ફરીથી ઉપયોગમાં લેવાય છે.




## ભારતમાં પરમાણુ કેન્દ્ર


ભારતમાં પ્રથમ પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના ઈ.સ. 1969માં મહારાષ્ટ્રના 'તારાપુરમાં' કરવામાં આવી હતી.

- કેનેડાની સહાયતાથી રાજસ્થાનના 'રાવતભાટામાં' પરમાણુ ઊર્જા કેન્દ્રની 1980માં શરૂઆત થઈ હતી.
- ઈ.સ. 1984માં તમિલનાડુના ચેન્નઈ નજીક 'કલ્પક્કમ'માં પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના થઈ હતી.
- ઉત્તરપ્રદેશના બુલંદ શહેરની નજીક આવેલ નરોરા પરમાણુ ઊર્જા મથક ઈ.સ. 1991થી કાર્યરત છે.
- ગુજરાતમાં આવેલ કાકરાપાર પરમાણુ ઊર્જા મથક વર્ષ 1993થી કાર્યરત છે.
- 'કૈગા' પરમાણુ ઊર્જા મથક કર્ણાટકમાં આવેલ છે જેની શરૂઆત ઈ.સ. 2000માં થઈ હતી.
- 'કુડાનકુલમ' પરમાણુ ઊર્જા મથક તમિલનાડુમાં આવેલ છે જે 2000 મેગાવોટ વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે.
- ઈ.સ. 1948માં ડો. હોમીજહાંગીર ભાભાના નિર્દેશન હેઠળ 'પરમાણુ ઊર્જા આયોગ'ની સ્થાપના થઈ હતી.
- ઈ.સ. 1954માં ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)માં 'પરમાણુ ઊર્જા સંસ્થાન'ની સ્થાપના કરવામાં આવી તેમજ પરમાણુ ઊર્જા વિભાગની પણ સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ. 1967માં 'પરમાણુ ઊર્જા સંસ્થાન'નું નામ બદલી 'ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર' (BARC) રાખવામાં આવ્યું. જેણે ભારતનું પ્રથમ ન્યુકલીયર રીએક્ટર 'અપ્સરા' બનાવ્યું.

| પરમાણુ ખનીજ અને તેના પ્રાપ્તિ સ્થાન | |
|---|---|
| ગ્રેફાઈટ | ઓડિસા |
| ઝિરકન | કેરળ |
| એન્ટીમની | હિમાચલ પ્રદેશ |
| બેરિલિયમ | રાજસ્થાન |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત | ભારતના પરમાણુ કેન્દ્રો




**નોંધ :** (1) યુરેનિયમને 'મેટલ ઓફ હોપ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

(2) ભારતમાં યુરેનિયમની પ્રાપ્તિ ધારવાડ તથા આર્કેયન શ્રેણીના ખડકોમાંથી થાય છે.

(3) ઝારખંડમાં સિંહભૂમ જિલ્લો યુરેનિયમના ખનન હેતુ સૌથી વધુ મહત્વપૂર્ણ છે તેમજ રાજસ્થાન અને આંધ્રપ્રદેશ પણ પ્રમુખ ક્ષેત્ર છે.

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારત 'આર્ટેમિસ એકોર્ડ્સ' (Artemis Accords)માં જોડાયું છે. આ સાથે બિન–બંધનકર્તા આર્ટેમિસ એકોર્ડ પર હસ્તાક્ષર કરનાર ભારત કેટલામો દેશ બન્યો છે ?<br>(A) 26 મો (B) 27 મો (C) 28 મો (D) 29 મો | (B) |
| 2. | તાજેતરમાં ભારત આર્ટેમિસ એકોર્ડ્સ (Artemis Accords)માં જોડાયું હતું. આ આર્ટેમિસ એકોર્ડ્સ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>1. અમેરિકાએ વર્ષ 2020માં 7 અન્ય સ્થાપક સભ્ય દેશો સાથે મળીને આર્ટેમિસ એકોર્ડની સ્થાપના કરી હતી.<br>2. આર્ટેમિસ એકોર્ડમાં વર્તમાન 41 સભ્યો છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>(A) માત્ર 1 (B) માત્ર 2<br>(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા | (A) |
| 3. | તાજેતરમાં ફૂકુશિમા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ચર્ચામાં રહ્યો હતો. તે કયા દેશમાં સ્થિત છે ?<br>(A) દક્ષિણ કોરિયા (B) યુક્રેન<br>(C) રશિયા (D) જાપાન | (D) |
| 4. | IAEA વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>1. તેનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી છે'<br>2. તેની સ્થાપના વર્ષ 1957માં યુનાઈટેડ નેશન્સ હેઠળ Atoms for Peace સંસ્થા તરીકે કરવામાં આવી હતી.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>(A) માત્ર 1 (B) માત્ર 2<br>(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા | (C) |
| 5. | ભારતમાં 'તારાપુર' અને 'જૈતાપુર' પરમાણુ કેન્દ્ર કયા રાજ્યમાં આવેલા છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) ઝારખંડ<br>(C) છત્તીસગઢ (D) રાજસ્થાન | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Energy Transition Index 2023 : WEF

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ તેનો 'ઊર્જા સંક્રમણ સૂચકાંક 2023' (Energy Transition Index 2023) પ્રસિદ્ધ કર્યો છે.

- આ ઈન્ડેક્સમાં ભારત 67માં સ્થાને છે.
- ઈન્ડેક્સ મુજબ ભારત એકમાત્ર મુખ્ય અર્થતંત્ર છે જેણે તમામ પરિમાણોમાં ઊર્જા સંક્રમણની ઝડપી ગતી જોઈ છે.
- અને સિંગાપોર એકમાત્ર અન્ય મુખ્ય દેશ છે જે સંતુલિત રીતે ટકાઉપણું, ઊર્જા સુરક્ષા અને ઈક્વિટીને પ્રોત્સાહન આપીને 'ઉચિત ગતિ' દર્શાવે છે.
- આ ઈન્ડેક્સમાં 120 દેશોની યાદીમાં સ્વીડન ટોચના સ્થાને છે.
- ત્યારબાદ ડેનમાર્ક બીજા, નોર્વે ત્રીજા અને ફિનલેન્ડ ચોથા ક્રમાંકે છે.
- નોંધનીય છે કે ટોચના 10 દેશોમાં ફ્રાન્સ (7મા ક્રમે) એકમાત્ર G20 દેશ હતો.

### EnergyTransition Index 2023

| Rank | Country |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | ડેનમાર્ક |
| 3 | નોર્વે |
| 4 | ફિનલેન્ડ |
| 5 | સ્વિત્ઝર્લેન્ડ |
| 6 | આઈસલેન્ડ |
| 7 | ફ્રાન્સ |
| 8 | ઓસ્ટ્રિયા |
| 9 | નેધરલેન્ડ |
| 10 | એસ્ટોનિયા |
| 67 | ભારત |
| 120 | યમન |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ (ETI) 120 અર્થતંત્રો માટે આર્થિક વિકાસ અને વૃદ્ધિ, પર્યાવરણીય ટકાઉપણું, ઊર્જા સુરક્ષા, એક્સેસ સૂચકાંકો અને સુરક્ષિત, ટકાઉ, સસ્તું અને સમાવિષ્ટ ઊર્જા પ્રણાલીઓમાં સંક્રમણ માટે તેમની તૈયારી પર આધારિત ઊર્જા પ્રણાલીઓના વર્તમાન પ્રદર્શન પર માપદંડ સેટ કરે છે.

## WEF

WEFનું પૂરું નામ 'World Economic Forum's' છે.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એ એક સ્વિસ બિન–લાભાકારી સંસ્થા છે.
- જેની સ્થાપના વર્ષ 1971માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.
- તેના સ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ શ્રી ક્લાઉસ શ્વાબ છે.
- તે સ્વિસ સરકાર દ્વારા જાહેર–ખાનગી સરકાર માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે ઓળખાય છે.
- WEF વૈશ્વિક પ્રાદેશિક અને ઉદ્યોગ પ્રોજેક્ટને આકાર આપવા માટે વ્યવસાય, રાજકીય, શૈક્ષણિક અને સમાજના અન્ય પ્રતિનિધિઓને સામેલ કરીને વિશ્વની સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે.

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2023




તાજેતરમાં ભારતે 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)' વર્ચ્યુઅલ સમિટની અધ્યક્ષતા કરી હતી.

- આ સમિટમાં નેતાઓએ વૈશ્વિક હિતમાં 'વધુ પ્રતિનિધિ' અને બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાની રચનાનું આહવાન કર્યું છે.
- શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની આ 23મી સમીટ હતી.
- આ 23મી સમિટ દરમિયાન ઈરાન સત્તાવાર રીતે નવમાં સભ્ય દેશ તરીકે SCOમાં જોડાયું છે.
- નોંધનીય છે કે ભારતે વર્ષ 2023 માટે SCOની યજમાની કરી છે.

## થીમ

SCOની ભારતની અધ્યક્ષતાની થીમ 'Towards a SECURE SCO' (સુરક્ષિત સંઘ સહયોગ સંગઠનની તરફ) છે.

- આ થીમ વર્ષ 2018ની કિંગાદાઓ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રજૂ કરાયેલ ટૂંકાક્ષર પરથી લેવામાં આવી છે.

- જેમાં SECUREનો અર્થ નીચે મુજબ થાય છે :

  S : સુરક્ષા

  E : આર્થિક વિકાસ

  C : કનેક્ટિવિટી

  U : એકતા

  R : સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતા માટે આદર

  E : પર્યાવરણીય સંરક્ષણ

## 23મી SCO સમિટની મુખ્ય વિશેષતાઓ

### નવી દિલ્હી ઘોષણા

સભ્ય દેશોએ નવી દિલ્હી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા.

- જેમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને 'આતંકવાદી, અલગતાવાદી અને ઉગ્રવાદી જૂથોની પ્રવૃત્તિઓનો સામનો કરવા અને ધાર્મિક અસહિષ્ણુતા, આક્રમક રાષ્ટ્રવાદ, વંશીય અને જાતીય ભેદભાવ, ફાસીવાદ અને અંધરાષ્ટ્રવાદના વિચારના પ્રસારને રોકવા માટે વિશેષ ધ્યાન આપવા' માટે આહ્વાન કરવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સંયુક્ત નિવેદનો

SCOમાં નેતાઓએ બે વિષયોનું સંયુક્ત નિવેદન અપનાવ્યું હતું. એક અલગતાવાદ, ઉગ્રવાદ અને આતંકવાદ તરફ દોરી જતા કટ્ટરપંથીનો સામનો કરવામાં સહકાર અને બીજું ડિજિટલ પરિવર્તનના ક્ષેત્રમાં સહયોગ.

### સહકારના નવા સ્તંભો

SCOમાં સહકાર માટે ભારતે પાંચ નવા સ્તંભો અને ફોકસ એરિયા બનાવ્યા છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

1. સ્ટાર્ટઅપ અને ઈનોવેશન
2. પરંપરાગત દવા
3. યુવા સશક્તિકરણ
4. ડિજિટલ સમાવેશ
5. વહેંચાયેલ બૌધ વારસો

### BRI પર ભારતનો અસ્વીકાર

SCO સભ્યોના આર્થિક–વ્યૂહરચના નિવેદનમાં 'રુચિ ધરાવતા સભ્ય દેશો'નો ઉલ્લેખ કરીને ભારતે BRI (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ)નો ભાગ બનવાનો ઈનકાર કર્યો હતો.

- BRI સામે ભારતનો વિરોધ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (POK)માં પ્રોજેક્ટના સમાવેશથી ઉદ્ભવે છે, જેને ભારત તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન માને છે.

## સમિટની અન્ય બાબતો

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ SCO સભ્ય દેશો વચ્ચે પરસ્પર વેપાર અને વિશ્વાસ વધારવા માટે કનેક્ટિવિટીના મહત્ત્વ પર પ્રકાશ પાડયો હતો.

- જોકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ SCO ચાર્ટરના મૂળભૂત સિદ્ધાંતોને જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો, ખાસ કરીને સભ્ય દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો આદર કરવો.
- આ ઉપરાંત તેમણે એવા દેશોની ટીકા કરી કે જેઓ તેમની નીતિઓના સાધન તરીકે સરહદ પાર આતંકવાદનો ઉપયોગ કરે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે, અને જણાવ્યું કે SCOને આવા રાષ્ટ્રોની નિંદા કરવામાં અચકાવું નહીં અને આ નિર્ણાયક મુદ્દાઓને સંબોધવામાં સુસંગતતાના મહત્ત્વ પર ભાર મૂકયો છે.
- ચીનના રાષ્ટ્રપતિએ BRIની દસ વર્ષની વર્ષગાંઠની ઉજવણી કરતી વખતે તેમની નવી વૈશ્વિક સુરક્ષા પહેલ (GSI)નો ઉલ્લેખ કર્યો હતો, આ ક્ષેત્રમાં એક નક્કર સુરક્ષા કવચ સ્થાપિત કરવા માટે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સંઘર્ષોના રાજકીય ઠરાવોની હાકલ કરી હતી.
- રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદીમીર પુતીને બાહ્ય દબાણો, પ્રતિબંધો અને ઉશ્કેરણી સામે રશિયાની સ્થિતિ સ્થાપકતા પર ભાર મૂકયો હતો, જ્યારે સશસ્ત્ર બળવાના પ્રયાસો સામે રશિયન રાજકીય જૂથો અને સમાજની એકતાની તરફેણ કરી હતી.

નોંધ : (1) વર્ષ 2022માં ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે SCO સમિટ યોજાઈ હતી.

(2) ત્યારબાદ વર્ષ 2023માં ભારતમાં આ સમિટ વર્ચ્યુઅલ રીતે યોજાઈ છે.

(3) જ્યારે હવે પછી વર્ષ 2024માં કઝાકિસ્તાનના અસ્તાના ખાતે SCO સમિટ યોજાશે.

(4) સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો તથા SCO સભ્ય દેશોની પ્રવાસન સંભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે વારાણસીને 2022-23 માટે SCO પ્રવાસન અને સાંસ્કૃતિક રાજધાની તરીકે જાહેર કરવામાં આવી હતી.

## SCO

શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તણાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સંગઠન 'શાંઘાઈ ફાઈવ' તરીકે ઓળખાયું.
- ત્યારબાદ 15 જૂન, 2001ના રોજ 'શાંઘાઈ ફાઈવ' દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા 'શાંઘાઈ કો–ઓપરેશન'ની રચના કરવામાં આવી હતી.
- આ માટે 'શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર' પર જૂન 2002માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને આ ચાર્ટર 19 સપ્ટેમ્બર, 2003થી લાગુ થયું હતું.
- આમ કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી અને ભારત તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
- જોકે ત્યારબાદ 9 જૂન, 2017ના રોજ કઝાકિસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCOની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમાં અને પાકિસ્તાન આ સંગઠનના આઠમાં સભ્ય તરીકે સામેલ થયા હતા.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2021ના રોજ ઈરાનને SCOના 9માં સભ્ય દેશ તરીકે સમાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ઈરાને 2023માં ભારત દ્વારા આયોજિત SCO સમિટથી સંપૂર્ણ સભ્ય તરીકે હાજરી આપી છે.
- આ ઉપરાંત SCOના ઓબ્ઝર્વર દેશોમાં અફઘાનિસ્તાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે. ઈરાન પણ અત્યાર સુધી ઓબ્ઝર્વર દેશોમાં જ હતું.
- SCO એ યુરેશિયન રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે. જેનો ધ્યેય પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવાનો છે.
- તેનું વડું મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે.
- જ્યારે પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખુ (RATS)ની એક્ઝિક્યુટિવ કમિટીનું મુખ્યમથક ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં છે. તે SCOનું કાયમી અંગ છે જે આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદની સામે સભ્ય દેશોના સહકારને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અજીત અગરકરની ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર તરીકે નિમણૂક




ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર શ્રી અજીત અગરકરને ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર બનાવવામાં આવ્યા છે.

- શ્રી અજીત અગરકરે ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) તરીકે શ્રી ચેતન શર્માના સ્થાને જવાબદારી સંભાળશે.
- શ્રી અજીત અગરકર અગાઉ IPLમાં દિલ્હી કેપિટલ્સ ટીમના આસિસ્ટન્ટ કોચ તરીકે જોડાયેલ હતા.
- શ્રી અજીત અગરકરે ભારતીય ટીમ માટે 26 ટેસ્ટ અને 192 વન–ડે મેચ રમી છે.
- શ્રી અજીત ભાલચંદ્ર અગરકરનો જન્મ 4 ડિસેમ્બર, 1977ના રોજ મુંબઈ ખાતે થયો હતો.

## શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મજયંતિ સમાપન સમારોહ

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મજયંતિના સમાપન સમારોહમાં હાજરી આપી હતી.

- શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી ઉજવણી એ મહાન સ્વાતંત્ર્ય સેનાની જન્મજયંતિની વર્ષભરની ઉજવણી હતી. 4 જુલાઈ, 2022ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ સમારોહનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

### શ્રી અલ્લુરી સીતારામ રાજુ



શ્રી અલ્લુરી સીતારામ રાજુનો જન્મ 4 જુલાઈ, 1897 (કેટલાક સ્ત્રોત અનુસાર 1898)ના રોજ વર્તમાન આંધ્રપ્રદેશમાં થયો હતો.

- તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સામેલ ભારતીય ક્રાંતિકારી હતા.
- તેમને પૂર્વઘાટ ક્ષેત્રમાં આદિવાસી સમુદાયોના હિતોની રક્ષા કરવા માટે અંગ્રેજો સામેની તેમની લડાઈ માટે યાદ કરવામાં આવે છે.
- તેઓ 18 વર્ષની ઉંમરે સંન્યાસી બન્યા અને તેમની તપસ્યા, જ્યોતિષ અને દવાના જ્ઞાન તથા જંગલી પ્રાણીઓને કાબુમાં રાખવાની તેમની ક્ષમતાને કારણે પહાડી આદિવાસી લોકોમાં એક રહસ્યમય આભા પ્રાપ્ત કરી હતી.
- ખૂબ જ નાની ઉંમરે તેઓ ગંજમ, વિશાખાપટ્ટનમ અને ગોદાવરીમાં પહાડી લોકોના અસંતોષને અંગ્રેજો સામે અત્યંત અસરકારક ગોરિલા પ્રતિકારતા પરિવર્તિત કર્યો હતો.
- વસાહતી શાસને આદિવાસીઓની પરંપરાગત પોડ (સ્થળાંતર) ખેતીને જોખમમાં મુક્યું હતું કારણ કે સરકારે જંગલની જમીન સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો.
- તેઓ 1882ના મદ્રાસ ફોરેસ્ટ એક્ટ વિરુદ્ધ બ્રિટિશ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયા હતા.
- આ અધિનિયમે આદિવાસીઓને તેમના જંગલોમાં રહેઠાણમાં મુક્ત અવર જવર અને તેમની પરંપરાગત ખેતી પોડુ પર પ્રતિબંધ મુક્યો હતો.
- અંગ્રેજો સામે વધતા જતા અસંતોષને કારણે 1922માં 'રામ્પા વિદ્રોહ' (મન્યમ બળવો) શરૂ થયો હતો.
- જેમાં શ્રી અલ્લુરી સીતારામ રાજુએ નેતા તરીકે મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- તેમના પરાક્રમી કાર્યો માટે સ્થાનિક ગ્રામજનો દ્વારા તેમને 'મન્યમ વીરુડુ' (જંગલનો હીરો) હુલામણુ નામ આપ્યું હતું.
- વર્ષ 1924માં શ્રી અલ્લુરી સીતારામ રાજુને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.
- તથા એક ઝાડ સાથે તેમને બાંધીને જાહેરમાં ગોળી મારવામાં આવી હતી અને સશસ્ત્ર બળવો અસરકારક રીતે સમાપ્ત કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) વર્ષ 2022માં રિલીઝ થયેલી ફિલ્મ 'RRR' માં શ્રી કોમારામ ભીમ અને અલ્લુરી સીતારામ રાજુના જીવન પર આધારિત કાલ્પનિક વાર્તા દર્શાવવામાં આવી છે.

(2) આ ફિલ્મનું નિર્દેશન શ્રી એસ.એસ. રાજામૌલી દ્વારા કરવામાં આવ્યું છે.

(3) આ ફિલ્મમાં શ્રી રામ ચરણે શ્રી અલ્લુરી સીતારામ રાજુની ભૂમિકા ભજવી હતી.

## SAFF Championship 2023 : ભારત નવમી વખત ચેમ્પિયન




તાજેતરમાં ભારત કર્ણાટકના બેંગ્લુરુમાં આયોજિત દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF) ચેમ્પિયનશિપ 2023માં ચેમ્પિયન બન્યું છે.

- ભારતે પેનલ્ટી શૂટઆઉટમાં કુવૈતને 5-4થી હરાવીને SAFF ચેમ્પિયનશિપ ફૂટબોલ ટુર્નામેન્ટ 2023નું ટાઈટલ જીત્યું છે.
- આ સાથે ભારતે 9મી વખત SAFF ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે.
- SAFF ચેમ્પિયનશિપની આ 14મી આવૃત્તિ હતી.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ ભારતના શ્રી સુનિલ છેત્રીએ (5 ગોલ) કર્યા હતા. જેને સૌથી વધુ ગોલ માટેનો એવોર્ડ મળ્યો છે.
- જ્યારે ફેરપ્લે એવોર્ડ નેપાળ ફૂટબોલ ટીમને અને શ્રેષ્ઠ ગોલકીપર એવોર્ડ શ્રી અનીસુર રહેમાન ઝીકોને મળ્યો છે.
- આ ઉપરાંત મોસ્ટ વેલ્યુએબલ પ્લેયરનો એવોર્ડ શ્રી સુનીલ છેત્રીને મળ્યો છે.
- શ્રી સુનિલ છેત્રી ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન છે.

નોંધ : (1) SAFFનું પૂરું નામ 'સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન' છે.

(2) SAFF ચેમ્પિયનશિપ એ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ફૂટબોલ ટુર્નામેન્ટ છે. જે દક્ષિણ એશિયાઈ ઉપખંડોની ટીમોને એક સાથે લાવે છે.

(3) SAFFની પ્રથમ આવૃત્તિ 1993માં લાહોરમાં યોજાઈ હતી. આ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે.

(4) ભારતે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 9 વખત ટાઈટલ જીત્યા છે.

(5) SAFF સચિવાલય હાલમાં બાંગ્લાદેશના ઢાકા ખાતે કાર્યરત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1.** તાજેતરમાં કોણે 'ઊર્જા સંક્રમણ સૂચકાંક 2023' (Energy Transition Index 2023) પ્રસિદ્ધ કર્યો હતો ?

(A) UNFCC (B) UNEP (C) WEF (D) FAO

**(C)**

**2.** તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ તેનો 'ઊર્જા સંક્રમણ સૂચકાંક 2023' (Energy Transition Index 2023) પ્રસિદ્ધ કર્યો હતો. જેમાં ભારત કેટલામાં સ્થાને છે ?

(A) 67મા (B) 61મા (C) 57મા (D) 46મા

**(A)**

**3.** તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ તેનો 'ઊર્જા સંક્રમણ સૂચકાંક 2023' (Energy Transition Index 2023) પ્રસિદ્ધ કર્યો હતો. જેમાં પ્રથમ ક્રમાંકે કયો દેશ હતો ?

(A) નોર્વે (B) ડેનમાર્ક (C) સ્વિડન (D) સ્વિત્ઝર્લેન્ડ

**(C)**

**4.** WEF વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) તેનું પૂરું નામ World Economic Forum's છે.

(B) તે એક બિન લાભાકારી સંસ્થા છે.

(C) તેની સ્થાપના વર્ષ 1971માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.

(D) ઉપરોક્ત તમામ સાચા છે.

**(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**5.** તાજેતરમાં ભારતે 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ, 2023'ની અધ્યક્ષતા કરી હતી. SCOની આ કેટલામી સમીટ હતી ?

(A) 23મી (B) 24મી (C) 27મી (D) 28મી

**(A)**

**6.** SCOનું પૂરું નામ શું છે ?

(A) શાંઘાઈ કોઓર્ડિનન્સ ઓર્ગેનાઈઝેશન

(B) સોશિયલ કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન

(C) સોશિયલ કો–ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન

(D) શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન

**(D)**

**7.** SCOની રચના ક્યારે થઈ હતી ?

(A) 26 એપ્રિલ, 1996 (B) 26 એપ્રિલ, 2001

(C) 15 જૂન, 1996 (D) 15 જૂન, 2001

**(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**8.** 15 જૂન, 2001ના રોજ કેટલા દેશો દ્વારા SCOની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) 6 (B) 7 (C) 5 (D) 8 **(A)**

**9.** SCOના સભ્ય દેશ તરીકે ભારત અને પાકિસ્તાનનો સમાવેશ ક્યારે થયો હતો ?

(A) 10 જૂન, 2017 (B) 7 જૂન, 2017
(C) 12 જૂન, 2017 (D) 9 જૂન, 2017 **(D)**

**10.** નીચેના પૈકી કયા દેશને SCOના નવમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) મ્યાનમાર (B) ઈરાન (C) માલદીવ (D) ફિલિપાઈન્સ **(B)**

**11.** તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ઝહીર ખાન (B) શ્રી અજીત અગરકર
(C) શ્રી અનીલ કુંબલે (D) શ્રી અજય જાડેજા **(B)**

**12.** તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મજયંતિના સમાપન સમારોહમાં હાજરી આપી હતી. શ્રી અલ્લુરી સીતારામ રાજુનું નામ નીચેના પૈકી કયા વિદ્રોહ સાથે સંકળાયેલ છે ?

(A) રામ્પા વિદ્રોહ (B) નાગપુર વિદ્રોહ
(C) 1857નો સંગ્રામ (D) મદ્રાસ વિદ્રોહ **(A)**

**13.** તાજેતરમાં 'SAFF Championship 2023'માં કઈ ટીમ ચેમ્પિયન બની છે ?

(A) ભારત (B) પાકિસ્તાન (C) નેપાળ (D) કુવૈત **(A)**

**14.** 'SAFF Championship' કઈ રમત સાથે સંકળાયેલ પ્રસિદ્ધ ટુર્નામેન્ટ છે ?

(A) સ્નૂકર (B) હોકી (C) ફૂટબોલ (D) વોલીબોલ **(C)**

**15.** ફૂટબોલની પ્રસિદ્ધ ટુર્નામેન્ટ 'SAFF Championship'માં સૌથી વધુ કઈ ટીમે 9 વખત ટાઈટલ જીત્યા છે ?

(A) નેપાળ (B) ભારત (C) પાકિસ્તાન (D) કુવૈત **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અમિતભાઈ શાહે મહેસાણાના બોરિયાવીમાં સૈનિક સ્કૂલનું ઈ-ખાતમુહૂર્ત કર્યુ



તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મહેસાણા જિલ્લાના બોરિયાવીમાં સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલનું ઈ–ખાતમુહૂર્ત કર્યુ હતું.

- ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત દૂધસહકારી સંસ્થા દૂધસાગર ડેરીના પ્રણેતા શ્રી મોતીભાઈ ચૌધરીના જન્મશતાબ્દી મહોત્સવ વર્ષના ઉપલક્ષ્યમાં આ સૈનિક સ્કૂલનું નિર્માણ કરવામાં આવશે.
- અંદાજે 75 કરોડના ખર્ચે 11 એકર વિસ્તારમાં આકાર પામનારી આ સૈનિક સ્કૂલ પી.પી.પી. ધોરણે કાર્યરત થનારી દેશની 20મી અને સહકારી સંસ્થા દ્વારા નિર્માણ પામનારી દેશની પ્રથમ સૈનિક સ્કૂલ બનશે.
- શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે આવી સૈનિક સ્કૂલ જ્ઞાન સાથે રક્ષા, બહાદૂરી અને રાષ્ટ્રસેવાનો ભાવ બાળકોના જીવનમાં લાવી નવો ઉમંગ, નવી ચેતના જગાવશે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશમાં પી.પી.પી. ધોરણે 100 સૈનિક સ્કૂલ સ્થાપવાની છે.
- દૂધ સાગર ડેરી સંચાલિત આ સૈનિક સ્કૂલ દેશભક્તિ અને શિસ્તના સંસ્કાર સાથેના નાગરિકો તૈયાર કરશે.
- આ પ્રસંગે 'શબ્દ મોતી' બૂકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ માટેની યોજના



તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયે રાજ્યોમાં અગ્નિશમન સેવાઓને મજબૂત કરવા માટે 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ' (NDRF) હેઠળ 'રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ માટેની યોજના' (Scheme for Expansion and Modernization of Fire Services in the States -SEMFSS) શરૂ કરી છે.

### રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ માટેની યોજના

આ યોજનાની ઉત્પતિ પંદરમાં નાણાં પંચની ભલામણમાં છે, જે સજ્જતા અને ક્ષમતા નિર્માણ માટે ભંડોળની સુવિધા માટે NDRF અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ના દરેક 12.5% ફાળવણીને મંજૂરી આપે છે.

- આ યોજનાનો ઉદ્દેશ્ય NDRF સજ્જતા અને ક્ષમતા નિર્માણ ઘટકો દ્વારા રાજ્ય સ્તરે અગ્નિ(FIRE) સેવાઓને મજબૂત બનાવવાની પ્રવૃત્તિઓને સુનિશ્ચિત કરીને રાજ્યોમાં અગ્નિ સેવાઓનું વિસ્તરણ અને આધુનિકીકરણ કરવાનો છે.
- NDRFના કુલ ભંડોળમાંથી 'અગ્નિશમક સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ' માટે અગ્રતા તરીકે રૂ. 5,000 કરોડની રકમ ફાળવવામાં આવી હતી.
- કુલ ખર્ચમાંથી રૂ. 500 કરોડની રકમ રાજ્યોને તેમના કાયદાકીય અને ઈન્ફ્રાસ્ટ્રકચર આધારિત સુધારાના આધારે પ્રોત્સાહિત કરવા માટે ફાળવવામાં આવી છે.
- સંબંધિત રાજ્ય સરકારોએ આવા પ્રોજેક્ટ્સ અથવા દરખાસ્તોના કુલ ખર્ચના 25% યોગદાન આપવાનું રહેશે. (ઉત્તર–પૂર્વીય અને હિમાલયન (NEH) રાજ્યો સિવાય, જે 10% ફાળો આપે છે.)

નોંધ : (1) NDRFનું પૂરું નામ 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ' છે.

(2) 2005માં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમના અમલ સાથે રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક ભંડોળ (NCCF)નું નામ બદલીને 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ' (NDRF) રાખવામાં આવ્યું હતું.

(3) તે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 (DM) એક્ટની કલમ 46માં વ્યાખ્યાયિત થયેલ છે.

(4) તેને ભારત સરકારના 'જાહેર ખાતા'માં 'અનામત ભંડોળ ધરાવતું વ્યાજ' હેઠળ મૂકવામાં આવે છે.





**1.** તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહએ મહેસાણાના કયા સ્થળે સૈનિક સ્કૂલનું ઈ–ખાતમુહૂર્ત કર્યું હતું ?

(A) બોડલા (B) બોરીયાવી (C) ખરસડા (D) જગુદણ

**(B)**

**2.** તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયે 'રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને આધુનિકીકરણ માટેની યોજના' (SEMFSS) શરૂ કરી છે. તેના વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનો ઉદ્દેશ્ય NDRF સજ્જતા અને ક્ષમતા–નિર્માણ ઘટકો દ્વારા રાજ્ય સ્તરે અગ્નિ સેવાઓને મજબૂત બનાવવા તથા રાજ્યોમાં અગ્નિ સેવાઓનું વિસ્તરણ અને આધુનિકીકરણ કરવાનો છે.
2. સંબંધિત રાજ્ય સરકારોએ NDRF સંબંધિત પ્રોજેક્ટ્સ અને દરખાસ્તોના કુલ ખર્ચના 60% યોગદાન આપવું જરૂરી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને ખોટા છે.
(D) વિધાન 1 અને 2 બંને સાચા છે.

**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 07 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day)

## મેટાએ Threads App લોન્ચ કરી

તાજેતરમાં Meta (અગાઉ ફેસબુક તરીકે જાણીતી હતી)એ ટ્વિટર સાથે સ્પર્ધા કરવા માટે તાજેતરમાં Threads (થ્રેડ્સ) નામની નવી એપ્લિકેશન વિકસાવી છે.

- સોશિયલ મીડિયા પર મેટાનું નવું પ્લેટફોર્મ Threads લોન્ચ થતા જ સાત કલાકની અંદર 10 મિલિયન યુઝર્સ થઈ ગયા હતા. ત્યારબાદ 48 કલાકમાં 80 મિલિયન યુઝર્સ સુધી પહોંચ્યું હતું.
- જોકે, યુરોપિયન યુનિયન (EU)માં આ એપનું લોન્ચિંગ નિયમનકારી ચિંતાઓને કારણે મોકૂફ રાખવામાં આવ્યું છે.

### Threads App

Threads એપ્લિકેશન એ અમેરિકન ટેક્નોલોજી કંપની મેટા પ્લેટફોર્મની માલિકીની ઓનલાઈન સોશિયલ મીડિયા અને સોશિયલ નેટવર્કિંગ સેવા છે.

- આ એપ્લિકેશન ટ્વિટર જેવા અન્ય માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મની જેમ જ કાર્ય કરે છે.
- આ એપ્લિકેશન ચર્ચાઓ અને સામુદાયિક જોડાણ માટે એક ફોરમ પ્રદાન કરવા માટે રચાયેલ છે.
- તે ટ્વિટરની જેમ જ કામ કરે છે. ટ્વિટરમાં શબ્દ મર્યાદા 280 છે અને થ્રેડ્સમાં 500 છે.
- વપરાશકર્તાઓ ટેક્સ્ટ, ઈમેજ અને વીડિયો પોસ્ટ અને શેર કરી શકે છે, તથા અન્ય પોસ્ટનો જવાબ આપી શકે છે, ફરીથી પોસ્ટ કરી શકાય છે અને લાઈક કરી શકાય છે.
- સાઈનઅપ કરવા માટે વપરાશકર્તાઓને Instagram એકાઉન્ટ હોવું જરૂરી છે.

નોંધ : (1) Meta Platforms Inc અગાઉ Facebook Inc તરીકે જાણીતું હતું, જે મેનેલો પાર્ક, કેલિફોર્નિયા સ્થિત અમેરિકન બહુરાષ્ટ્રીય ટેક્નોલોજી સમૂહ છે.

(2) તે Facebook, Instagram, Threads અને WhatsAppની માલિકી ધરાવે છે અને સંચાલન કરે છે.

(3) તેના ચેરમેન અને CEO શ્રી માર્ક ઝુકરબર્ગ છે.

# ગ્રીન હાઈડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદ (ICGH 2023)




ગ્રીન હાઈડ્રોજન (ICGH 2023) પર ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ નવી દિલ્હીમાં યોજાઈ હતી.

- આ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાનો અને વૈશ્વિક ડિકાર્બોનાઈઝેશન લક્ષ્યો માટે પ્રણાલીગત અભિગમને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કોન્ફરન્સનું આયોજન પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ, ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય અને ભારતીય ઉદ્યોગ સંઘની ભાગીદારીમાં નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## કોન્ફરન્સની મુખ્ય બાબતો

### હાઈડ્રોજન પ્રોડક્શન ટેક્નોલોજીઓ

- તે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનની વિવિધ પદ્ધતિઓ જેમ કે ઈલેક્ટ્રોલિસિસ, થર્મોકેમિકલ, જૈવિક, ફોટો કેટાલિસિસ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- તે આ ટેક્નોલોજીઓને વિકસાવવા અને તેની કિંમત ઘટાડવામાં પડકારો અને તકોની પણ ચર્ચા કરશે.

### હાઈડ્રોજન સંગ્રહ અને વિતરણ

- આ વિષય ગ્રીન હાઈડ્રોજન જેવા કે કમ્પ્રેશન, લિક્વિફેશન, મેટલ હાઈડ્રાઈડ્સ એમોનિયાના સંગ્રહ અને પરિવહનને લગતા મુદ્દાઓ સાથે કામ કરશે.
- તે હાઈડ્રોજન પાઈપલાઈન્સ, ઈંધણ સ્ટેશન વગેરેની ક્ષમતા વિશે પણ માહિતી એકત્રિત કરશે.

### હાઈડ્રોજન એપ્લિકેશન્સ

- આ થીમ વિવિધ ક્ષેત્રો જેમ કે ગતિશીલતા, ઉદ્યોગ, વીજ ઉત્પાદન વગેરેમાં ગ્રીન હાઈડ્રોજનની વિવિધ એપ્લિકેશનો પ્રદર્શન કરશે.

### ગ્રીન ફાઈનાન્સિંગ

- આ થીમ ગ્રીન બોન્ડ્સ, કાર્બન ક્રેડિટ્સ, સબસિડી વગેરે જેવા ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સને ધિરાણ આપવાના વિવિધ સ્ત્રોતો અને મિકેનિઝમ્સનું અન્વેષણ કરશે.

- તે ગ્રીન હાઈડ્રોજન પહેલને સમર્થન આપવા માટે જાહેર–ખાનગી ભાગીદારી, બહુપક્ષીય એજન્સીઓ વગેરેની ભૂમિકા વિશે પણ ચર્ચા કરશે.

## માનવ સંસાધન વિકાસ

- આ થીમ ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રો જેમ કે ઈજનેરો, ટેક્નિશિયન, સંશોધકો, સાહસિકો વગેરે માટે કુશળ માનવશક્તિ વિકસાવવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ

- આ થીમ ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં નવીનતા લાવવા અને વિક્ષેપિત કરવામાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકાને પ્રકાશિત કરશે.

## હાઈડ્રોજન વિશે

હાઈડ્રોજન એ રંગહીન, ગંધહીન, સ્વાદહીન, બિન–ઝેરી અને અત્યંત જ્વલનશીલ વાયુ પદાર્થ છે.

- તે આવર્ત કોષ્ટકનું પ્રથમ તત્વ છે અને અન્ય બધા તત્વોથી હલકુ હોય છે.
- તથા હાઈડ્રોજનનો પરમાણુ ક્રમાંક 1 છે.
- હાઈડ્રોજન શબ્દ ગ્રીક ભાષાના બે શબ્દો પાણી (Hydro) અને ઉત્પન્ન થવું (gene) પરથી રચાયેલ છે. એટલે કે પાણી ઉત્પન્ન કરનાર તરીકે ઓળખાય છે.
- હાઈડ્રોજન પરમાણુ વધુ સક્રિય હોવાથી તે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

નોંધઃ (1) હાઈડ્રોજનની શોધ હેનરી કેવેન્ડીસે કરી હતી.

(2) હાઈડ્રોજનને 'ભવિષ્યનું બળતણ' પણ કહે છે.


(3) હાઈડ્રોજન બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં ઉપલબ્ધ છે પરંતુ શુદ્ધ હાઈડ્રોજનનું પ્રમાણ ઘણુ ઓછું છે. તે ઓક્સિજન સાથે H2O, અને અન્ય સંયોજનમાં લગભગ હમેંશા હાજર હોય છે.

## ગ્રીન હાઈડ્રોજન શું છે ?

ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વિદ્યુત વિચ્છેદન–વિશ્લેષણ દ્વારા ઊર્જાના નવીનીકરણીય સ્ત્રોતો જેમ કે સૌર, પવન અથવા હાઈડલ પાવરનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

- જ્યારે વિદ્યુત પ્રવાહ પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તે વિદ્યુત વિચ્છેદન દ્વારા તેને મૂળ ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




- જો આ પ્રક્રિયા માટે વપરાતી વીજળીનો સ્ત્રોત પવન અથવા સૌર ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય સ્ત્રોત હોય તો આ રીતે ઉત્પન્ન થતા હાઈડ્રોજનને 'ગ્રીન હાઈડ્રોજન' કહેવામાં આવે છે.
- હાઈડ્રોજન સાથે સંકળાયેલા રંગો હાઈડ્રોજન પરમાણુ મેળવવા માટે વપરાતા પાવર સ્ત્રોતને દર્શાવે છે.
- ઉદાહરણ તરીકે જો કોલસાનો ઉપયોગ કરવામાં આવે તો તેને બ્રાઉન હાઈડ્રોજન કહેવામાં આવે છે.
- 'ગ્રીન'એ હાઈડ્રોજન મેળવવા માટે કેવી રીતે વીજળી ઉત્પન્ન થાય છે તેના પર આધાર રાખે છે, જે સળગાવવામાં આવે ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતું નથી.
- ગ્રીન હાઈડ્રોજન હાલમાં વૈશ્વિક હાઈડ્રોજન ઉત્પાદનમાં 1% કરતા ઓછો હિસ્સો ધરાવે છે કારણ કે તેનું ઉત્પાદન કરવું મોંઘુ છે.

## ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનની જરૂરિયાત અને ફાયદા

હાઈડ્રોજન એકમ વજન દીઠ તેની ઊંચી ઊર્જા સામગ્રીને કારણે ઊર્જાનો ઉત્તમ સ્ત્રોત છે, તેથી જ તેનો ઉપયોગ રોકેટ ઈંધણ તરીકે થાય છે.

- ખાસ કરીને શૂન્ય ઉત્સર્જન સાથે ગ્રીન હાઈડ્રોજન ઊર્જાનો સૌથી સ્વચ્છ સ્ત્રોત છે.
- તેનો ઉપયોગ કાર માટે અથવા ઊર્જા–સઘન ઉદ્યોગો જેમ કે ખાતર અને સ્ટીલ નિર્માણમાં બળતણ સેલ તરીકે થઈ શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ કોઈપણ ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરતી નથી.
- એક હાઈડ્રોજન ઈંધણ કોષ ગેસ દ્વારા બળતણ કરાયેલ આંતરિક કમ્બશન એન્જિન કરતા બેથી ત્રણ ગણો વધુ કાર્યક્ષમ છે.
- વિશ્વભરના દેશો ગ્રીન હાઈડ્રોજન ક્ષમતાના નિર્માણ પર કામ કરી રહ્યા છે કારણ કે તે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન વૈશ્વિક ચર્ચાનો વિષય બની ગયો છે, ખાસ કરીને જ્યારે વિશ્વ તેની સૌથી મોટી ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે અને આબોહવા પરિવર્તનનો ખતરો વાસ્તવિકતામાં ફેરવાઈ રહ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 'વિશ્વ ચોકલેટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 7 જુલાઈ | (B) 8 જુલાઈ | (C) 9 જુલાઈ | (D) 10 જુલાઈ | (A) |
| 2. | તાજેતરમાં 'Threads' શબ્દ ચર્ચામાં હતો, તે શું છે ? | | | | |
| | (A) સોશિયલ મીડિયા એપ્લિકેશન | | (B) રોબર્ટ | | |
| | (C) રશિયાનું બળવાખોર જૂથ | | (D) જાપાનનો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ | | (A) |
| 3. | તાજેતરમાં કોણે Threads App લૉન્ચ કરી હતી ? | | | | |
| | (A) META | (B) Twitter | (C) Google | (D) એકપણ નહીં | (A) |
| 4. | તાજેતરમાં ગ્રીન હાઈડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદ (ICGH 2023) કયાં યોજાઈ હતી ? | | | | |
| | (A) મુંબઈ | | (B) જયપુર | | |
| | (C) નવી દિલ્હી | | (D) શ્રીનગર | | (C) |
| 5. | હાઈડ્રોજન વિશે નીચેના વિધાનો ધ્યાને લો : | | | | |
| | 1. હાઈડ્રોજન એ રંગહીન, ગંધહીન, સ્વાદહીન, બિન–ઝેરી અને અત્યંત જ્વલનશીલ વાયુ પદાર્થ છે. | | | | |
| | 2. તે આવર્ત કોષ્ટકનું પ્રથમ તત્વ છે અને અન્ય બધા તત્વોથી હલકુ હોય છે. | | | | |
| | 3. તેની શોધ હેનરી કેવેન્ડીસે કરી હતી. | | | | |
| | ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ? | | | | |
| | (A) માત્ર 1 અને 3 | (B) માત્ર 1 | (C) માત્ર 3 | (D) 1, 2 અને 3 | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વિશ્વ ઝૂનોસિસ દિવસ (World Zoonosis Day)



તાજેતરમાં 6 જુલાઈના રોજ 'વિશ્વ ઝૂનોસિસ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ પ્રસંગે પશુપાલન અને ડેરી વિભાગ, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે આઝાદી કા અમૃત મહોત્સવ પહેલના ભાગરૂપે વિશ્વ ઝૂનોસિસ દિવસ પર ઝૂનોટિક રોગો અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.
- આ કાર્યક્રમનો હેતુ ખેડૂતોને ઝૂનોટિક રોગના જોખમો અને નિવારણ માટેના રાષ્ટ્રીય પ્રયાસો વિશે શિક્ષિત કરવાનો હતો.
- પશુધન સાથે તેમના નજીકના સંપર્કને કારણે ખેડૂતો ઝૂનોટિક રોગો માટે વધુ સંવેદનશીલ હોય છે.
- ઝૂનોટિક રોગના જોખમોને સંબોધવામાં 'એક આરોગ્ય' ખ્યાલના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- નોંધનીય છે કે વિશ્વ ઝૂનોસિસ દિવસ ઝૂનોટિક રોગ સામે પ્રથમ રસીકરણની વર્ષગાંઠને ચિહ્નિત કરે છે.
- 6 જુલાઈ, 1885ના રોજ ફ્રેન્ચ વૈજ્ઞાનિક લુઈ પાશ્ચરે પ્રથમ ઝૂનોટિક રોગની પ્રથમ રસી સફળતાપૂર્વક ઈનોક્યુલેટ કરી હતી.

**નોંધ :** ઝૂનોટિક રોગો એ એવા રોગો છે જે પ્રાણીઓ અને માણસો વચ્ચે ફેલાય છે. આ રોગો વાયરસ, બેક્ટેરિયા, પરોપજીવી અથવા ફૂગના કારણે થઈ શકે છે.

## ભારતીય રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ (Internationalisation of Indian Rupee)




રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત કાર્યકારી જૂથે રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણની ગતિને વેગ આપવા માટે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ (SDR) બાસ્કેટમાં રૂપિયાનો સમાવેશ કરવાની અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર (FPI) શાસનની પુનઃઆકરણીની ભલામણ કરી છે.

### રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ

રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ એ એક પ્રક્રિયા છે જેમાં ક્રોસ બોર્ડર વ્યવહારોમાં સ્થાનિક ચલણના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

- તેમાં આયાત અને નિકાસ વેપાર માટે રૂપિયાને પ્રોત્સાહન આપવું અને અન્ય ચાલુ ખાતાના વ્યવહારો સાથે મૂડી ખાતાના વ્યવહારોમાં તેના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઐતિહાસિક સંદર્ભ

1950ના દાયકામાં ભારતીય રૂપિયાનો વ્યાપકપણે સંયુક્ત આરબ અમીરાત, કુવૈત, બહેરિન, ઓમાન અને કતારમાં કાનૂની ટેન્ડર તરીકે ઉપયોગ થતો હતો.

- જોકે વર્ષ 1966 સુધીમાં ભારતના ચલણના અવમૂલ્યનને કારણે ભારતીય રૂપિયા પરની નિર્ભરતાની ભરપાઈ કરવા માટે આ દેશોમાં સાર્વભૌમ ચલણની શરૂઆત કરવામાં આવી હતી.

## રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણના ફાયદા

**(1) ચલણના મૂલ્યની પ્રશંસા :**

- તેનાથી આંતરરાષ્ટ્રીય વેપારમાં રૂપિયાની માંગમાં વધારો થશે.
- જેથી સગવડમાં વધારો થઈ શકે છે અને ભારત સાથે વ્યવહાર કરતા વ્યવસાયો અને વેપારીઓ માટે ટ્રાન્ઝેકશન ખર્ચમાં ઘટાડો થઈ શકે છે.

**(2) ઘટાડો વિનિમય દરની અસ્થિરતા :**

- જ્યારે ચલણનું આંતરરાષ્ટ્રીયકરણ થાય છે, ત્યારે તેનો વિનિમય દર સ્થિર બને છે.
- વૈશ્વિક બજારોમાં ચલણની માંગમાં વધારો વોલેટિલિટીને ઘટાડવામાં મદદ કરી શકે છે, જે તેને આંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે વધુ અનુમાનિત અને વિશ્વસનીય બનાવે છે.

**(3) ભૌગોલિક રાજકીય લાભો :**

- રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ ભારતના ભૌગોલિક રાજકીય પ્રભાવમાં વધારો કરી શકે છે.
- તે અન્ય દેશો સાથે આર્થિક સંબંધોને મજબૂત બનાવી શકે છે, દ્વિપક્ષીય વેપાર કરારોને સરળ બનાવી શકે છે અને રાજદ્વારી સંબંધોને પ્રોત્સાહન આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણના પડકારો

**(1) મર્યાદિત આંતરરાષ્ટ્રીય માંગ :**

- વૈશ્વિક વિદેશી વિનિમય બજારમાં રૂપિયાનો દૈનિક સરેરાશ હિસ્સો માત્ર 1.6% આસપાસ છે, જ્યારે વૈશ્વિક માલસામાનના વેપારમાં ભારતનો હિસ્સો માત્ર 2% છે.

**(2) કન્વર્ટિબિલિટી ચેલેન્જ :**

- ભારતીય ચલણ (INR) સંપૂર્ણપણે કન્વર્ટિબલ નથી જેનો અર્થ એ છે કે મૂડી વ્યવહારો જેવા ચોક્કસ હેતુઓ માટે તેની કન્વર્ટિબિલિટી પર નિયંત્રણો છે. આ આંતરરાષ્ટ્રીય વેપાર અને નાણામાં તેના વ્યાપક ઉપયોગને પ્રતિબંધિત કરે છે.

**(3) ડિમોનેટાઈઝેશનની અસર :**

- 2016માં નોટબંધી અને તાજેતરમાં રૂ. 2000ની નોટોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકયો હતો, ખાસ કરીને ભૂટાન અને નેપાળ જેવા પાડોશી દેશોમાં રૂપિયા પરના વિશ્વાસને અસર કરી છે.

**(4) મૂડી નિયંત્રણો :**

- ભારતમાં હજુ પણ મૂડી નિયંત્રણો છે જે વિદેશીઓની ભારતીય બજારોમાં રોકાણ અને વેપાર કરવાની ક્ષમતાને મર્યાદિત કરે છે.
- આ નિયંત્રણો રૂપિયા માટે આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે વ્યાપકપણે ઉપયોગમાં લેવાનું મુશ્કેલ બનાવે છે.

## રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણને ઝડપી બનાવવાના પગલાં

**(1) સંપૂર્ણ કન્વર્ટિબિલિટી અને ટ્રેડ સેટલમેન્ટ :**

- રૂપિયાનો હેતુ સંપૂર્ણ કન્વર્ટિબિલિટી માટે હોવો જોઈએ, જે ભારત અને અન્ય દેશો વચ્ચે નાણાકીય રોકાણોની મુક્ત હિલચાલને મંજૂરી આપશે.
- ભારતીય નિકાસકારો અને આયાતકારોને ઈનવોઈસ, રૂપિયામાં વ્યવહાર કરવા માટે પ્રોત્સાહિત કરવાથી વેપારની પતાવટની ઔપચારિકતાઓની તરફેણ થશે.

**(2) લિક્વિડ બોન્ડ માર્કેટ :**

- RBIએ વિદેશી રોકાણકારો અને ટ્રેડિંગ પાર્ટનર્સ માટે રોકાણના વિકલ્પો પૂરા પાડવા, વધુ લિક્વિડ રૂપિયા બોન્ડ માર્કેટ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

**(3) RTGS સિસ્ટમનું વિસ્તરણ :**

- આંતરરાષ્ટ્રીય વ્યવહારોને સેટલ કરવા માટે રીઅલ–ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) સિસ્ટમનો વિસ્તાર કરવો જોઈએ.

**(4) SDR બાસ્કેટમાં સમાવેશ :**

- સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR)માં રૂપિયાનો સમાવેશ કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ, જે IMF દ્વારા મુખ્ય કરન્સીના બાસ્કેટના આધારે બનાવવામાં આવેલી આંતરરાષ્ટ્રીય અનામત સંપત્તિ છે.
- ઉપરાંત ભારતીય સરકારી બોન્ડ્સ (IGBs)ને વૈશ્વિક સૂચકાંકોમાં સમાવી શકાય છે, જેનાથી ભારતીય ડેટ માર્કેટમાં વિદેશી રોકાણ આકર્ષિત થાય છે.

નોંધ : (1) ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ (FPI)માં વિદેશી રોકાણકારો દ્વારા નિષ્ક્રિય રીતે રાખવામાં આવેલી સિક્યોરિટીઝ અને અન્ય નાણાકીય સંપત્તિનો સમાવેશ થાય છે.

(2) તે દેશના મૂડી ખાતાનો ભાગ છે અને BOP પર પ્રદર્શિત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 'વિશ્વ ઝૂનોસિસ દિવસ' તરીકે કયા દિવસ ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 જુલાઈ (B) 6 જુલાઈ (C) 7 જુલાઈ (D) 8 જુલાઈ

**(B)**

**2.** નીચેના નિવેદન પર વિચાર કરો :

1. 6 જુલાઈ, 1885ના રોજ ફ્રેન્ચ વૈજ્ઞાનિક લુઈ પાશ્ચરે ઝૂનોટિક રોગની પ્રથમ રસી સફળતાપૂર્વક ઈનોક્યુલેટ કરી હતી.
2. ઝૂનોટિક રોગો એ એવા રોગો છે જે પ્રાણીઓ અને માણસો વચ્ચે ફેલાય છે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(C)**

**3.** 'રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ' વિશે નીચેના નિવેદન પર વિચાર કરો :

1. રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ એ એક પ્રક્રિયા છે જેમાં ક્રોસ બોર્ડર વ્યવહારોમાં સ્થાનિક ચલણના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.
2. તેમાં આયાત અને નિકાસ વેપાર માટે રૂપિયાને પ્રોત્સાહન આપવું અને અન્ય ચાલું ખાતાના વ્યવહારો સાથે મૂડી ખાતાના વ્યવહારોમાં તેના ઉપયોગને પ્રોત્સાહન કરવાનો સમાવેશ થાય છે.

ઉપરોક્તમાંથી કયું નિવેદન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **સાબરમતી નદીમાં અક્ષર ફ્લોટિંગ ક્રૂઝ રેસ્ટોરાંનું ઉદ્‌ઘાટન**




અમદાવાદ શહેરની સાબરમતી નદીમાં ખાનગી ફ્લોટિંગ રેસ્ટોરાંનો કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહએ વર્ચ્યુઅલ માધ્યમથી આરંભ કરાવ્યો હતો. રૂ. 15 કરોડના ખર્ચે તૈયાર થયેલું આ ક્રૂઝ બે એન્જિન ધરાવે છે. આ ક્રૂઝ શિપમાં ક્રૂ સભ્યો સહિત એક સાથે 150 વ્યક્તિઓ મુસાફરીનો આનંદ માણી શકશે. ફ્લોટિંગ રેસ્ટોરન્ટ ક્રૂઝ 30 મીટર લાંબી અને 10 મીટર પહોળી છે. તે AMC અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી વિકસાવવામાં આવી છે.

## ભારત

➤ **ઈન્ડિયા પોસ્ટ અને કેનેડા પોસ્ટ ઈ-કોમર્સ માટે ITPS રજૂ કર્યુ**



ઈન્ડિયા પોસ્ટે અને કેનેડા પોસ્ટે તાજેતરમાં બંને દેશો વચ્ચે ઈન્ટરનેશનલ ટ્રેકડ પેકેટ સર્વિસ (ITPS) શરૂ કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સેવા 1 જુલાઈ, 2023થી અમલી છે. ITPS એ પેકેટોના ટ્રાન્સમિશન અને ડિલિવરી માટેની સ્પર્ધાત્મક સેવા છે. તેમજ સ્થાનિક પોસ્ટ ઓફિસનો ઉપયોગ કરીને તેમના ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે MSME, નાના વ્યવસાયો, વેપારીઓ વગેરે સહિત ઈ–કોમર્સ નિકાસકારોની ક્રોસ બોર્ડર શિપિંગ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ છે. ITPS સુવિધા જે 38 સહભાગી દેશો સાથે પહેલેથી જ ઉપલબ્ધ છે, તેમાં યુકે, ફ્રાન્સ, સંયુક્ત આરબ અમીરાત અને ઈજિપ્ત જેવા તાજેતરના ઉમેરાઓ છે અને કેનેડા હવે 39મા સહભાગી તરીકે ઉમેરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ડાર્ક પેટર્ન (Dark Patterns)**

તાજેતરમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે ડાર્ક પેટર્નના મુદ્દાને ઉકેલવા માટે માર્ગદર્શિકા વિકસાવવા માટે 17 સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરી છે. ડાર્ક પેટર્ન જેને ભ્રામક પેટર્ન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વેબસાઈટ્સ અને એપ્લિકેશનો દ્વારા વપરાશકર્તાઓને તેમની ઈચ્છા વિરુદ્ધ કાર્ય કરવા અથવા વ્યવસાયો માટે ફાયદાકારક ન હોય તેવી ક્રિયાઓ કરવા માટે ઉપયોગમાં લેવાતી રણનીતિ છે. આ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ 2010માં યુઝર એક્સપિરિયન્સ (UX) ડિઝાઈનર હેરી બ્રિગ્નોલે કર્યો હતો. અયોગ્ય તાકીદ, બળજબરીપૂર્વકની કાર્યવાહી, છૂપાયેલા ખર્ચ વગેરે જેવી યુક્તિઓ આ પેટર્નમાં અપનાવવામાં આવે છે.

➤ **ભારત 6G એલાયન્સ (B6GA)**

તાજેતરમાં સંચાર મંત્રાલય હેઠળના ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DOT)એ 6G ટેક્નોલોજીમાં નવીનતા અને નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે 'ઈન્ડિયા 6G એલાયન્સ' (B6GA) લોન્ચ કર્યુ છે, જે વાયરલેસ સંચારની આગલી સીમા છે. આ ઉપરાંત ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ (TTDF) હેઠળ રૂ. 240.51 કરોડની ગ્રાન્ટ સાથેના પ્રોજેક્ટ્સ માટે બે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. B6GA એ એક સહયોગી પ્લેટફોર્મ છે. જેમાં જાહેર અને ખાનગી કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ અને ધોરણો(માપદંડ) વિકાસ સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ જોડાણ આંતરરાષ્ટ્રીય સહયોગ અને જ્ઞાનના વિનિમયને સરળ બનાવવા માટે 6G ટેક્નોલોજી પર અન્ય વૈશ્વિક જોડાણો સાથે ભાગીદારી કરશે અને સુમેળ વધારશે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય 6G ટેક્નોલોજીની વ્યાપારી અને સામાજિક જરૂરિયાતોને સમજવાનો, સર્વસંમતિને પ્રોત્સાહિત કરવાનો અને ઉચ્ચ પ્રભાવવાળા સંશોધન અને વિકાસના આયોજનને આગળ વધારવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મધ્યપ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી ગાંધી સાગર અભયારણ્યમાં ચિત્તાઓનું સ્થળાંતર**

ભારતમાં ચિત્તાની વસતીના સંરક્ષણ અને વિસ્તરણને સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે, સત્તાવાળાઓએ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક (KNP)માંથી કેટલાક આફ્રિકન ચિત્તાઓને મધ્યપ્રદેશના જ ગાંધીસાગર અભયારણ્યમાં સ્થાનાંતરિત કરવાની યોજના જાહેર કરી છે. KNPના વાઈલ્ડલાઈફ વોર્ડએ જણાવ્યું હતું કે ચિત્તા એકશન્ પ્લાનના કડક પાલનમાં સ્થળાંતર કરવામાં આવશે જેમાં ચિત્તાઓ માટે યોગ્ય રહેઠાણોની ઓળખ કરવાનો સમાવેશ થાય છે. આ વર્ષની શરૂઆતમાં 45 દિવસના ગાળામાં ત્રણ ચિત્તાઓના મૃત્યુ બાદ ચિત્તાઓને વિશાળ ભૌગોલિક શ્રેણીમાં વિતરિત કરવાના સર્વોચ્ચ અદાલતના નિર્દેશના પગલે ચિત્તાઓને સ્થળાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

➤ **CMV અને ToMV વાયરસ**

મહારાષ્ટ્રમાં ટામેટા ઉત્પાદકો ટામેટાના પાકમાં થયેલા ઘટાડા માટે કાકડી મોઝેક વાયરસ (CMV)ને જવાબદાર માને છે, જ્યારે કર્ણાટક અને અન્ય દક્ષિણ ભારતીય રાજ્યોના ઉત્પાદક તેમના પાકના નુકસાન માટે ટોમેટો મોઝેક વાયરસ (ToMV)ને જવાબદાર માને છે. છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન ટામેટા ઉત્પાદકોએ આ બે વાયરસથી વધુ ચેપ નોંધયા છે. જેના કારણે પાકને આંશિક નુકસાન થયું છે. ToMV Virgdviridae પરિવારનો છે અને મોઝેક વાયરસ (TMV) સાથે નજીકથી સંબંધિત છે. તે ટામેટા, તમાકુ, મરચા અને કેટલા સુશોભન છોડને ચેપ લગાડે છે. વર્ષ 1935માં સૌપ્રથમ ટામેટામાં તેની ઓળખ થઈ હતી. ToMV મુખ્યત્વે ચેપગ્રસ્ત બીજ, છોડ, કૃષિ સાધનો અને માનવ સંપર્ક દ્વારા ફેલાય છે. જ્યારે CMV એ બ્રોમોવિરિડે પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તે કાકડીઓ, તરબૂચ, રીંગણા, ટામેટા, ગાજર, લેટીસ અને કેટલાક સુશોભન છોડને અસર કરતી વિશાળ યજમાન શ્રેણી ધરાવે છે.

➤ **ભારતનો પ્રથમ ચેટબોટ**

જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશે મુશ્કેલીમાં રહેલા લોકો સાથે ત્વરિત વાત કરવા માટે ભારતનો પ્રથમ 'ટેલિ–માનસ' (Tele-MANAS) ચેટબોટ લોન્ચ કર્યો છે. ટેલિ–માનસ એ બે–સ્તરની સિસ્ટમ છે. ટિયર-1માં પ્રશિક્ષિત કાઉન્સેલર્સ અને માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતોનો સમાવેશ રાજ્ય ટેલિ માનસ સેલનો સમાવેશ થાય છે. ટિયર-2માં શારીરિક કાઉન્સેલિંગ માટે ડિસ્ટ્રિક મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ (DMHP) / મેડિકલ કોલેજના સંસાધનો / અથવા ઓડિયો વિઝ્યુઅલ કાઉન્સેલિંગ માટે ઈ–સંજીવનીનો સમાવેશ થાય છે. ઈ–સંજીવની એ એક રાષ્ટ્રીય ડોક્ટર–ટુ–ડોક્ટર ટેલિમેડિસિન સેવા છે જે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા પરંપરાગત શારીરિક પરામર્શનો વિકલ્પ પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે.

## વિશ્વ

➤ **શ્રી રાજીન્દરસિંહ ધટ્ટને 'Points of Light Award'થી સન્માનિત કરવામાં આવ્યા**

યુકે–ભારત સપ્તાહની ઉજવણી દરમિયાન એક વિશેષ પ્રસંગે પીઢ સૈનિક શ્રી રાજીન્દરસિંહ ધટ્ટને યુનાઈટેડ કિંગ્ડમના વડાપ્રધાન શ્રી ઋષિ સુનક દ્વારા પ્રતિષ્ઠિત પોઈન્ટ ઓફ લાઈટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. શ્રી રાજીન્દરસિંહ ધટ્ટ 'અવિભાજિત ભારતીય ભૂતપૂર્વ સૈનિક સંગઠન' પાછળ પ્રેરક શક્તિ હતા, જે બ્રિટિશ ભારતીય યુદ્ધના નિવૃત્ત સૈનિકોને એક કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતી સંસ્થા છે. ધ પોઈન્ટ ઓફ લાઈટ એવોર્ડ રાજીન્દરસિંહની અસાધારણ સેવા અને આ દિગ્ગજ લોકોને સાથે લાવવાના તેમના અથાગ પ્રયાસોને માન્યતા આપે છે. શ્રી રાજીન્દરસિંહ હાલમાં હાઉન્સલો, સાઉથ વેસ્ટ લંડનમાં રહે છે. તેમનો જન્મ 1921માં ભારતમાં થયો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ બ્રિટિશ ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

➤ **'સાગર નિધિ' સંયુક્ત મહાસાગર અભિયાન**

કોલંબો સિક્યુરિટી કોન્કલેવ (CSC) તરીકે ઓળખાતા હિંદ મહાસાગરના ક્ષેત્રના રાષ્ટ્રો વચ્ચે એક સહયોગી પહેલ સંયુક્ત મહાસાગર અભિયાન માટે બાંગ્લાદેશ અને મોરેશિયસના વૈજ્ઞાનિકોને એક સાથે લાવ્યા છે. સંશોધન જહાજ 'સાગર નિધિ' પર આ વૈજ્ઞાનિકોએ વિશાળ સમુદ્રના વિસ્તરણનું સંશોધન અને અન્વેષણ કરવા માટે પ્રવાસ શરૂ કર્યો છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળના ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસિસ (INCOIS) દ્વારા ક્રૂઝનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન નવેમ્બર 2022માં ગોવા અને હૈદરાબાદમાં યોજાનારી પ્રથમ CSC ઓશનોગ્રાફર્સ અને હાઈડ્રોગ્રાફસ કોન્ફરન્સનું સીધુ પરિણામ છે. આ સહયોગ દરમિયાન સહભાગી વૈજ્ઞાનિકો દરિયાઈ પર્યાવરણ અને સમુદ્રના પરિમાણોમાં ફેરફારની આગાહી કરવા અને તેનું સંચાલન કરવા માટે દરિયાઈ ડેટાના સંશોધન પર ધ્યાન કેન્દ્રીત કરશે.



1. એશિયાની સૌથી જૂની અને વિશ્વની ત્રીજી સૌથી જૂની ફૂટબોલ ટુર્નામેન્ટ તરીકે ઓળખાતી ડુરંડ કંપની ............ મી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે. – 132

2. કઈ સંસ્થા સપ્ટેમ્બરથી દેશભરમાં 10 મિલિયન બ્રશલેશ ડાયરેક્ટ કરંટ મોટર (BLDC) પંખા તૈનાત કરવા જઈ રહી છે ? – EESL

3. 'ટ્રાન્સ–એશિયા રેલવે (TAR) નેટવર્ક'નું નેતૃત્વ કઈ સંસ્થા કરે છે ? – UN

4. કઈ કંપની ભારતમાં ડાન્સકે બેંકનું આઈટી સેન્ટર ખરીદવા જઈ રહી છે ? – ઈન્ફોસિસ

5. યુટા પર્વત જે તરબૂચ બર્ફ માટે ચર્ચામાં હતો. તે કયા દેશમાં સ્થિત છે ? – અમેરિકા

6. ભારતમાં મલ્ટિડિસિપ્લિનરી એજ્યુકેશન અને રિસર્ચ માટે કઈ સંસ્થાએ 255.5 મિલિયન ડોલરની લોનની લોન મંજૂરી કરી છે ? – વિશ્વ બેંક

7. કયા જૂથે 'Solidarity Exercise' નામની સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કર્યું છે ? – આસિયાન

8. તાજેતરમાં ભારતના વિદેશમંત્રી અને ફિલિપાઈન્સના વિદેશ મંત્રી વચ્ચે દ્વિપક્ષીય સહકાર પર સંયુક્ત પરિષદની ................મી બેઠક યોજાઈ હતી. – 5મી

9. 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ગ્રીન હાઈડ્રોજન'નું યજમાન કયું શહેર છે ? – નવી દિલ્હી

10. કયા કેન્દ્રશાસિત પ્રદેશે તેની સંસ્કૃતિ અને સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે 'વિતસ્તા' કાર્યક્રમનું આયોજન કર્યું છે ? – જમ્મુ અને કાશ્મીર

11. શ્રી સેસ્ક ફાબ્રેગાસે તાજેતરમાં નિવૃત્તિની જાહેરાત કરી છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ફૂટબોલ
(બાર્સેલોના અને સ્પેનના પૂર્વ મિડફિલ્ડર સેસ્ક ફાબ્રેગાસે ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી છે.)

12. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'સ્પોર્ટ ફિશ ડિસીઝ' (RFD) એપ લોન્ચ કરી છે ? – મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. તાજેતરમાં કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેટલા ટકા વધારાની જાહેરાત કરી છે ? – 4%

(જુલાઈ 2023થી કેન્દ્રીય કર્મચારીઓના ભથ્થાંમાં 4%નો વધારો કર્યો છે આથી, હવે તેમને 46% મોંઘવારી ભથ્થું મળશે. કેન્દ્રીય કર્મચારીઓને ઓલ ઈન્ડિયા કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સના આધારે મોંઘવારી ભથ્થું મળતું હોય છે.)

14. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'ભારત માટે જટિલ ખનિજો' પર ઉદ્દઘાટન અહેવાલ રજૂ કર્યો છે ?– ખાણ મંત્રાલય

15. તાજેતરમાં............સરકારે મો જંગલ જામી યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય રાજ્યના જિલ્લાઓમાં આદિવાસીઓ અને વનવાસીઓ વચ્ચે વન અધિકારોને પ્રોત્સાહન આપવાનો છે. – ઓડિશા

16. શ્રી અજીત પવારે કયા રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે ? – મહારાષ્ટ્ર

17. ..................માં પ્રકાશિત થયેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વર્ષ 2019માં ભારતમાં બાળપણના ડાયાબિટીસના સૌથી વધુ કેસ અને મૃત્યુ વૈશ્વિક સ્તરે જોવા મળ્યા છે. – JAMA નેટવર્ક જર્નલ

18. કઈ સંસ્થાએ 'OZONE - UV Bulletin' બહાર પાડયું છે ? – WMO

19. 'સુબનસિરી લોઅર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ' કયા રાજ્યમાં બનાવવામાં આવ્યો છે ?

– અરૂણાચલ પ્રદેશ અને આસામ

20. 'નેશનલ સ્પેસ મિશન ફોર અર્થ ઓબ્ઝર્વેશન' કયા દેશ સાથે સંબંધિત છે ? –ઓસ્ટ્રેલિયા

21. ફ્રાન્સે સ્વચ્છ ઊર્જામાં ઝડપથી સંક્રમણ માટે કયા દેશ સાથે સહયોગ કર્યો છે ? – સંયુક્ત આરબ અમિરાત

22. તાજેતરમાં કઈ જાહેર ક્ષેત્રની બેંકે NeSL સાથે મળીને WAVE હેઠળ e-BG (ઈલેક્ટ્રોનિક બેંક ગેરંટી) સેવાઓ શરૂ કરી છે ? – ઈન્ડિયન બેંક

23. 2023માં ફિફા વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય ફૂટબોલ ટીમનો તાજેતરનો ક્રમ શું છે ? (જુલાઈ 2023) – 100

24. કયા રાજ્યમાં સિકલ સેલ એનિમિયા (NSCEM) નાબૂદી માટેનું રાષ્ટ્રીય મિશન શરૂ કરવામાં આવ્યું હતું ?

– મધ્યપ્રદેશ

25. કયા શહેરે 'સ્ટાર્ટઅપ 20 સમિટ'નું આયોજન કર્યુ હતું ? – ગુડગાંવ

26. કયું શહેર 'યુનાઈટેડ નેશન્સ હાઈ લેવલ પોલિટકલ ફોરમ' (HLPF)નું યજમાન છે ? – ન્યુયોર્ક

27. સુશ્રી માના પટેલ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – સ્વિમિંગ

28. શ્રી આર્યન નહેરા કઈ રમત સાથે સંકળાયેલ છે ? – સ્વિમિંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 'ICE MAGIC' વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

**જેઠવા રામદેવસિંહ લખુભા** (ગામ : રતનપુર, તા. ઉમરાળા, જિ. ભાવનગર)

આપનું દર અઠવાડિયે પ્રસિદ્ધ થતું ICE Magic Current Affairs મને ખૂબ જ ઉપયોગી નીવડયું છે. તદઉપરાંત આપના સામયિકની બહાર કોઈ પ્રશ્ન પુછાયો નથી. વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈ વિનામુલ્યે સમયસર આપનું સામયિક સાંપ્રત પ્રવાહના એકપણ બનાવને ટાંકવાનું ચુકતું નથી. મારા પ્રતિસાદમાં અંતમાં કહું તો તાજેતરના બનાવો માટે આપનું સામયિક તો મને સર્વશ્રેષ્ઠ અને ફળદાયી સાબિત થયું છે.

હૃદયપૂર્વક આભાર ICE સંસ્થાનો

Thank you ICE RAJKOT

**કુંદન ઝાલા** (ગાંધીનગર)

મે ICE MAGIC કરંટને 2018થી આજ દિવસ સુધી પ્રાધાન્ય આપ્યું છે જેણે મને DY SO જાહેરાત નંબર 27ની પ્રિલિમ, PSI Wireless, PSI Techinical Operator, Sub Inspector, Binsachivalay Clerk Exam પાસ થવામાં મદદ કરી છે. હાલમાં હું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવું છું. અને આગળ પણ GPSC કલાસ 1/2 અને DY SO, STIની પ્રિલિમના વર્તમાન પ્રવાહ વિષય માટે ICE Current Affairs માંથી જ વાંચુ છું. મને ICE Current Affairsની ભાષા, અને દરેક પરીક્ષાને ઉપયોગી વર્તમાન પ્રવાહોને એક સાથે વિસ્તારમાં એક જ PDFમાં મળી રહે છે. જે એક તૈયારી કરતાં વિદ્યાર્થી માટે ઘણું જ માર્ગદર્શક બની રહે છે કારણ કે મને પોતાને મારી શરૂઆતની તૈયારીના ગાળામાં આ PDF જ બહુ ઉપયોગી થઈ હતી. મને આશા છે કે ICE સંસ્થા આ રીતે જ અમારા જેવા વિદ્યાર્થીને નિઃસ્વાર્થ મદદ કરતી રહે.

Thank you ICE RAJKOT

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**અનિરુદ્ધસિંહ મોરી** (ગામ : ખાંભા, તા. સિહોર, જિ. ભાવનગર)

આ મેગેઝિન ખૂબ જ સરળ ભાષામાં સમજાય તેવી રીતે રજૂ થાય છે અને કોઈપણ ટોપિક આવ્યો હોય તેની સાથે સંકળાયેલો ઈતિહાસ કે કંઈપણ જનરલ નોલેજ જોડાયેલું હોય છે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખૂબ જ ઉપયોગી નિવડે છે. આજે હું જુનિયર ક્લાર્કમાં પાસ થયેલ છું અને તેમાં મહત્ત્વનો ફાળો ICE Magic Current Affairsનો જ છે, કારણ કે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં માત્ર ને માત્ર ICE Magicમાંથી 25 માકર્સનું પૂછાયેલું હતું. આમાં માત્ર કરંટ અફેર્સ ઉપરાંત તેની સંકળાયેલ તમામ બાબતો હતી. જે મને ખૂબ જ ઉપયોગી નીવડી છે. આથી, હું ICE Instituteનો ખૂબ ખૂબ આભારી છું.

Thank you ICE RAJKOT

**સચિન ચૌધરી** (બનાસકાંઠા)

હું છેલ્લા ઘણા સમયથી સરકારી નોકરી માટે પ્રયત્નો કરતો હતો. પણ સફળતા જાણે મારાથી નારાજ હોય એવું લાગતું હતું....તો પણ મે પ્રયત્નો તો ચાલુ જ રાખ્યા.... પહેલા વર્તમાન પ્રવાહના તો સામાન્ય પુછતાં હતા પણ હવેની પરીક્ષામાં તો કાંઈક અલગ જ વિષય બનાવી દીધો હોય તેવું લાગે છે..... પણ મારે ચિંતા કરવાની કયાં જરૂર હતી.... કારણ કે ICE Institute મારી સાથે હતી.... કારણ કે ખૂબ જ સરળતાથી સમજાય તેવું કરંટ આપેલું હોય છે...... અને અંતે ICE Instituteના માર્ગદર્શનથી મને આજે જુનિયર ક્લાર્કમાં સફળતા મળી છે.

ICE પરિવારનો ખૂબ ખૂબ આભાર

ઉપરોક્ત અભિપ્રાયો મુજબ તમે પણ તમારો અભિપ્રાય

**9737701110 (Only Whats App)** નંબર પર આપો........

તમારો ફોટોગ્રાફ અભિપ્રાય સાથે મોકલવા વિનંતી....

**to be continued......**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Hinaba Chudasama
ICE WARRIORS
Urja Raval
ICE WARRIORS
Parmar Arjan
ICE WARRIORS
Ashvinsinh Zala
ICE WARRIORS
Karanrajbha Khakhadiya
ICE WARRIORS
Taxashila Musadiya


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Sunilkumar Natda
ICE WARRIORS
Ajaybhai Parmar
ICE WARRIORS
Kuldip Mardiya
ICE WARRIORS
Payal Chandegara
ICE WARRIORS
Shubham Jani
ICE WARRIORS
Payal Mavadiya


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Shwetaben Chaudhari
ICE WARRIORS
Dimpal Nimbark
ICE WARRIORS
Hinaben Rathod
ICE WARRIORS
Parthkumar Prajapati
ICE WARRIORS
Pujan Bhalara
ICE WARRIORS
Sagar Zinzuvadiya


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Jigar Ranipa
ICE WARRIORS
Niravkumar Parmar
ICE WARRIORS
Devika Kalotara
ICE WARRIORS
Tejal Dafda
ICE WARRIORS
Dip Sutariya
ICE WARRIORS
Dineshbhai Thakorl


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Anjali Bhundiya
ICE WARRIORS
Jitendrakumar Prajapati
ICE WARRIORS
Preksha Barot
ICE WARRIORS
Harshadbhai Ughareja
ICE WARRIORS
Karankumar Dave
ICE WARRIORS
Shivangee Herbha


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Congratulations
Proud Of You
ગુજરાત સરકારમાં તલાટીપદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને અભિનંદન
ICE WARRIORS
Jigarkumar Barot
ICE WARRIORS
Divyesh Ravrani
ICE WARRIORS
Tripatkumar Kathad
ICE WARRIORS
Divyeshkumar Hathaliya
ICE WARRIORS
Nilam Gohel

iceonline એપ ડાઉનલોડ કરો
Google Play
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

PSI SPECIAL
TARGET 2 STAR
RECORDED BATCH
~~10000/-~~ 2499/- 6 MONTHS VALIDITY
~~16000/-~~ 3999/- 12 MONTHS VALIDITY

~~8000/-~~ 1999/- 6 MONTHS VALIDITY
~~14000/-~~ 3499/- 12 MONTHS VALIDITY
રક્ષક
THE WARRIOR
(RECORDED BATCH)
કોન્સ્ટેબલ SPECIAL

TAT(HS) SPECIAL
TAT (HS)
(RECORDED BATCH)
~~1400/-~~ 699/- 3 MONTHS VALIDITY
~~2000/-~~ 999/- 6 MONTHS VALIDITY

~~4000/-~~ 999/- 6 MONTHS VALIDITY
~~6000/-~~ 1499/- 12 MONTHS VALIDITY
વનરક્ષક
(RECORDED BATCH)
વનરક્ષક SPECIAL

VMC SPECIAL
VMC જૂ.ક્લાર્ક
RECORDED BATCH
~~1332/-~~ 666/- 3 MONTHS VALIDITY
~~2000/-~~ 999/- 6 MONTHS VALIDITY

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT